॥ हरिः ॐ तत्सद्ब्रह्मणे नमः ॥

શ્રી ભગવાન સુત કવિ ઉગ્રેશ્વરાત્મજ શ્રી સત્યસાધક
અધિકારિ મંડળના સદ્‌ગુરૂ મહારાજ
શ્રીમાન્ નટવરલાલજી તત્ત્વવેત્તા વિરચિત

સૈદ્ધાન્ત સૂર્યોદય.

છપાવિ પ્રસિદ્ધ કર્ત્તા,

શ્રી સત્યસાધક અધિકારિ મંડળ સેરથાના
સ૦ શીભાઇભાઇ રણછોડભાઇ પટેલ. સેરથા. તા. કલોલ
સ૦ ધુળાભાઇ ઉમેદભાઇ પટેલ. ,,
સ૦ વેણીભાઇ બાલચંદભાઇ પટેલ. ,,
સ૦ નાથાલાલ છગનલાલ પટેલ. ,,
સ૦ કેશવભાઈ પ્રલ્હાદજી પટેલ. ,,

અમદાવાદ પીરમસા રોડ ઉપર નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમા
લલ્લુભાઇ ઇશ્વરભાઇએ છાપ્યુ.

अहंब्रह्मास्मि=तत्त्वमसि ॥

ब्रह्मसत्यंजगन्मिथ्या जीवोब्रह्मैवनापरः ।
अनेन वेद्यंसत्शास्त्रमिति वेदांतडिंडिमः ॥

બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે, જીવ બ્રહ્મથી ભીન્ન નથી,
આ સત્શાસ્ત્ર જાણવા યોગ્ય છે, આ ઉપનિષદોનો ડંકો છે.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩. આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

સ્થૂળ વસ્તુનુ મૂલ્ય ૦-૩-૬.

સમર્પણમ્.

ૐ

અખંડ પ્રૌઢ પ્રતાપ મોક્ષસ્થ સકળ તિર્થસ્વરૂપ
પૂજ્યચરણ માતુશ્રી

અચરતબા,

ની પવિત્ર સેવામાં

આ વેદાંતપુર પુસ્તક શ્રી સિદ્ધાંત સૂર્યોદય સહર્ષ
સમર્પિ કૃતાર્થ થાઉં છું.

લી૦ આપનો આજ્ઞાંકિત પુત્ર

શ્રી નટવરલાલજી.

**શ્રી સત્યસાધક અધિકારિ મંડળ તરફથી બહાર પડેલા
તમામ ગ્રંથો મળવાનું ઠેકાણું.**

મહારાજ શ્રીમાન્ નટવરલાલજી ઉ૦ તત્વવેત્તા. ગુરૂસ્થાન નાંદોલ.
તાલુકે દેહેગામ. એ. પી. રેલ્વે.

શ્રી સત્યસાધક અધિકારિ મંડળના મંત્રી શીભાઈભાઇ રણછોડભાઇ
પટેલ તથા ધુળાભાઇ ઉમેદભાઇ પટેલ. મુ. સેરથા. તા. કલોલ.

શ્રી સત્યસાધક અધિકારિ મંડળના મંત્રી શોભારામ મોતીરામ કર્મ
તથા શોમાભાઇ મણિલાલ કર્મા. મુ. પ્રાંતિજ. એ. પી. રેલ્વે
ઠે૦ નાની ભાગોળે.

શ્રી સત્યસાધક અધિકારી મંડળના મત્રી મોહનલાલ મોતીલાલ પટેલ
મુ કલોલ. પ્રા. કડી.

શ્રી સત્ય સાધક અધિકારિ મંડળ.

સેરથા.

૧ રા. શીભાઇભાઇ રણછોડભાઇ
૨ ,, ધુળાભાઇ ઉમેદભાઇ
૩ ,, નાથાલાલ છગનલાલ
૪ ,, ગોકલભાઇ પ્રાણલાલ
૫ ,, હેમાભાઇ ઉગરાભાઇ
૬ ,, કેસુભાઇ પ્રલ્હાદજી
૭ ,, વેણીભાઇ બાલચંદ
૮ ,, રામાભાઇ ભાઇજીભાઇ
૯ ,, માધવલાલ ત્રિકમભાઇ
૧૦ ,, ધર્માભાઇ ત્રિકમભાઇ
૧૧ ,, અંબાલાલ મૂળજીભાઇ
૧૨ ,, ભાઇચંદ પરભુદાસ
૧૩ ,, મોહનલાલ ઉગરાભાઇ
૧૪ રા. પરભુદાસ સીભાઇભાઇ
૧૫ ,, હરજીવન પ્રાણભાઇ
૧૬ ,, ગીરધરભાઇ પિતામ્બર
૧૭ ,, શોમાભાઇ ખોડીદાસ
૧૮ ,, કાશીભાઇ ગોપાલભાઇ
૧૯ ,, પ્રલ્હાદજી ત્રીભોવન
૨૦ ,, અંબાલાલ હરજીવન
૨૧ ,, નાથાલાલ હીરાભાઇ કર્તા
૨૨ ,, મફતલાલ મોતીલાલ
૨૩ ,, ઇશ્વરલાલ નાથાલાલ
૨૪ ,, ડાહ્યાભાઇ લલ્લુભાઇ
૨૫ ,, સેંધાભાઇ પુંજાભાઇ

શ્રી૦ સ૦ અ૦ મં૦ પ્રાંતિજ.

૧ રા. મોતીભાઇ બેહેચરભાઇ
૨ ,, નરભેરામ ભુદરભાઇ
૩ ,, દલસુખરામ મલુકચંદ
૪ ,, લલ્લુભાઇ રણછોડભાઇ
૫ રા. હરગોવન ડુંગરભાઇ
૬ ,, ગણપતરામ અંબારામ
૭ ,, હરગોવન મગનલાલ
૮ ,, ભોગીલાલ દલસુખભાઇ

૯ „ દલપતભાઇ સુખરામ કંટ્રાક્ટર
૧૦ „ ભગવાનદાસ કીરપારામ
૧૧ „ કાળીદાસ રણછોડભાઇ
૧૨ „ કીરપારામ સુખરામ
૧૩ „ શોભારામ મોતીભાઇ
૧૪ „ શોભાભાઇ મણિલાલ
૧૫ „ શિવલાલ રેવાસંકર
૧૬ „ ઇશ્વિરભાઇ મગનલાલ
૧૭ „ મોહનલાલ કીરપારામ
૧૮ „ પુંજાભાઇ ગણુપતરામ
૧૯ „ મગનલાલ ગણુપતરામ
૨૦ „ ત્રીભુવનભાઇ રામદાસ
૨૧ „ સ. બેહેચરલાલ ઉજમદાસ
૨૨ „ જેઠાલાલ રાયચંદ
૨૩ „ જીવાભાઇ ઉજમદાસ
૨૪ „ પુંજાભાઇ જોઇતદાસ
૨૫ „ ઉગરાભાઈ સાંકળદાસ
૨૬ „ ઉગરાભાઇ અમીચંદ
૨૭ „ પુરૂષોતમ મોહનલાલ
૨૮ „ રણછોડ ખુશાલ
૨૯ „ છગનલાલ સાંકળચંદ
૩૦ „ કાળીદાસ નાનચાભાઇ
૩૧ „ નારણલાલ દલશાભાઇ
૩૨ „ નાનાલાલ રણછોડ
૩૩ „ સુખરામ ગણુપતરામ
૩૪ „ માણેકલાલ કાળીદાસ
૩૫ „ અમૃતલાલ ગણુપતરામ
૩૬ „ પ્ર. સિતારામ જેસંગભાઇ શર્મા
૩૭ „ પ્ર દેવીદાસ ભાઇબાભાઇ કવિ
૩૮ „ પ્ર. કાળીદાસ કેશવલાલ શર્મા
૩૯ „ સાંકળચંદ દયારામ
૪૦ „ પરભુદાસ ગુલાબચંદ
૪૧ „ રેવાશંકર છગનલાલ
૪૨ „ જેસંગભાઇ ચતુરદાસ
૪૩ „ છગનલાલ રણછોડ
૪૪ „ મોતીલાલ મોહનલાલ
૪૫ „ અમથાભાઇ રણછોડ
૪૬ „ હીરાભાઇ જોઇતદાસ
૪૭ „ ઇશ્વરલાલ કાળીદાસ
૪૮ „ મોતીલાલ ભાઇચંદ
૪૯ „ શંકરલાલ મોતીલાલ
૫૦ „ વિરાભાઇ લાલજી

શ્રી૦ સ૦ અ૦ મં૦ કલોલ.

૧	રા.	વિઠ્ઠલદાસ મૂળચંદભાઇ	૯	રા.	અંબાલાલ મોતીભાઇ
૨	,,	ગોરધનલાલ વિઠ્ઠલભાઇ	૧૦	,,	શોભાભાઇ ઇશ્વરભાઇ
૩	,,	જમનાદાસ વિઠ્ઠલભાઇ	૧૧	,,	છગનલાલ પરભુદાસ
૪	,,	મોહનલાલ મોતીભાઇ	૧૨	,,	શામલભાઇ ત્રિભુવન
૫	,,	ભૂલાભાઇ લલ્લુભાઇ	૧૩	,,	મોતીલાલ લલ્લુભાઇ
૬	,,	મગનલાલ ઇશ્વરભાઇ	૧૪	,,	અંબાલાલ લલ્લુભાઇ
૭	,,	કેવળભાઇ કાળીદાસ	૧૫	,,	પુરશોતમ લલ્લુભાઇ
૮	,,	બહેચરભાઇ બાજીદાસ	૧૬	,,	માધવસિંહ હમીરજી

શ્રી૦ સ૦ અ૦ મં૦ કોલવડા.

૧	રા.	શંકરભાઇ પાનાચંદ	૯	રા.	ત્રિભોવન કાલીદાસ
૨	,,	માણેકલાલ પાનાચંદ	૧૦	,,	રેવાભાઇ બહેચર
૩	,,	પ્રાણુલાલ મગનલાલ શાહ	૧૧	,,	કાકુભાઇ લલ્લુદાસ
૪	,,	નગીનલાલ શિવલાલ	૧૨	,,	ગીરધર અમથાલાલ
૫	,,	લાલચંદ મગનલાલ	૧૩	,,	ડુંગરદાસ નાગર
૬	,,	લાલચંદ છગનલાલ	૧૪	,,	રણછોડ બહેચર
૭	,,	રણછોડભાઇ ગોકલદાસ પટેલ	૧૫	,,	નાથાલાલ સાંકળચંદ
૮	,,	ઉમેદભાઇ જેસંગભાઇ			

વાવોલ. અમદાવાદ. વિ૦ સ્થળો અત્રે લખ્યાં નથી.

॥ श्री गुरुस्तवन ॥

शार्दूलविक्रिडित.

सत्यं साधक ज्ञानबोध जनकं श्रेष्टत्व शान्तिप्रदं ।
उग्रेश्वरसुनु उद्भवोस्तिऽर्वि शांखायने वंशजं ॥
भार्गवगोत्रिय द्विजब्रह्मनिपुणं द्विवेदमूर्त्योपम् ।
शिष्योऽहंतव शूद्धचारुचरणे चित्ते नमामि सदा ॥ १ ॥
यस्याऽस्ति सुनिवास नंदपुरियाम् श्रीब्रह्ममूर्त्योसमः ।
नित्यंसाधकसत्यश्रेयसमिदं मार्गस्यत्वं दर्शकः ॥
स्वर्गार्थेषुसदैव देहसफलं धर्मार्थ दाता तव ।
श्रीमन्नटवरलाल संज्ञिकगुरु चित्ति नमामि सदा ॥ २ ॥

धन्योसिमूर्त्तिगुरुत्वांमनसास्मरामि ।
येनैवशुद्धतिमीरापह ब्रह्मनिष्ठः ॥
मोक्षार्थि नः सुपथयो सुखदाम द्रष्टः ।
ज्ञातोसिब्रह्मसुगुरु चरणे नमामि ॥ ३ ॥

શ્લોકાર્થઃ—શ્રી સત્ય સાધક અધિકારિ મંડળને શ્રેષ્ઠ અને શાન્તિપ્રદ સદ્બોધ દેનારા જેમની શાંખાયની શાખા છે. ભાર્ગવ ગોત્ર છે. એવા દ્વિવેદ મૂર્તિ શ્રીયુત્ ઉગ્રેશ્વર શા-

માના આત્મજ આ જગતને વિષે ઉત્પન્ન થયા. તે બ્રહ્મ નિપુણ શ્રી સદ્દગુરૂના પવિત્ર ચરણકમળને વિષે નિરંતર હું ચિત્તવડે નમસ્કાર કરૂં છું. ૧.

જે બ્રહ્મમૂર્તિનો નિવાસ શુભ સ્થલ નંદપુરિ વિષે છે. જે સત્ય સાધકોના શ્રેયસ્કર ને આ સત્ય માર્ગને દર્શાવનારા છે. જેમણે પોતાના દેહને પરમાર્થ કાજે અર્પણ કરી જીવન સાફલ્યતા માની છે, એવા હે ધર્મ અર્થના દાતા અને તત્ત્વવેત્તા શ્રી સદ્દગુરૂ નટવરલાલજી આપને હું નિરંતર ચિત્તવડે નમસ્કાર કરૂં છું. ૨.

હે સદ્દગુરૂ આપને ધન્ય છે, આપનું હું મન વિષે સ્મરણ કરૂં છું, કે જેના વડે અજ્ઞાનરૂપ અંધકારને દુર કરી હું શુદ્ધ માર્ગ જાણી શકયો. હે બ્રહ્મનિષ્ઠ ગુરૂજી આપે મોક્ષના અર્થવાળાઓ માટે સુખ આપનાર સરળ માર્ગ દર્શાવ્યો છે એવા બ્રહ્મજ્ઞ સદ્દગુરૂ આપના ચરણ કમળમાં હું પ્રેમથી નમું છું.

ઉપરોક્ત રચના કરનાર હું મારી ઓળખાણ આપું છું.

कौशिकगोत्रियद्विजवेदनिपुणो शांखायने वंशजं ।
जातोकेशवराम शुक्ल सुग्रहे ग्रामे गुणे दीपिका ॥
नाम्ना दीनमणीशंकरः सुरचितः सत्यस्यऽहं शोधकः
सत्यं साधक मंडलेस्मीअधुना उपदेशकः स्मरक ॥ १ ॥

અર્થઃ—

કૌશિક ગોત્રોત્પન્ન શાંખાયન વંશજ વેદ નિપુણ કેશવરામ શુકલને ઘેર ગુણદીપિકા ગામને વિષે મારો જન્મ છે. મારૂ નામ દીનમણીશંકર છે, હું સત્યતાનો શોધક છું ને હાલમાં હું સત્ય સાધક અધિકારિ મંડળમાં ઉપદેશક છું.

સંવત ૧૯૬૯ માગશિર્ષ શુકલ ચતુર્થી.

લી૦

શાસ્ત્રી દીનમણીશંકર કેશવરામ શર્મા.

શ્રી માધવ સંસ્કૃત પાઠશાળાના અધ્યાપક.

નાદોલ.

ॐ

॥ श्री गुरुस्तोत्र ॥

હરિગીત.

જય સત્ય શોધક જ્ઞાનબોધક ગો નિરોધ ગુણનીધી
અગમ નિગમ પ્રતિપાદ્દ કરનારા સ્વયંછો ભૂ વિધિ
પ્રણુવ ઉપાસક સત્ય ભાસક સકળ કળિ કલુષ તજી
મોહ તિમીર ટાળણ તત્વવેત્તા નમુ નટવરલાલજી. ૧
અદ્વૈત એક અને અનેક સ્વરૂપ શુદ્ધ શ્રી બ્રહ્મના
શ્રુતિ શાસ્ત્ર નિર્મિત નીતીને સુત્રો વળી શુભ કર્મના
ૐઆદી લઇ ભડ વીર બની શ્રુતિ શાસ્ત્રરૂપ શસ્ત્રો સજી
મોહ તીમીર ટાળણ તત્વવેત્તા નમુ નટવરલાલજી. ૨
જડ આત્મથી પરમાત્મ લગીના જ્ઞાનના જ્ઞાતા થઇ
પરોક્ષને અપરોક્ષ આદી પ્રમાણના પડછા દઇ
ઉદ્ધારતા જે વિશ્વમાં અજ્ઞાનમય જન છે હજી
મોહ તીમીર ટાળણ તત્વવેત્તા નમુ નટવરલાલજી. ૩
ગંગા સમી પાવન ગીરા ગંભીર વદને ઉચરી
નીજ આશ્રિતોના કલીમલોને સુ પ્રવાહે દુર કરી
દેવીદાસને છો જપાવનાર સુમંત્ર હરિૐ હે હરિ
મોહ તીમીર ટાળણ તત્વવેત્તા નમુ નટવરલાલજી. ૪

લી૦

સંવત ૧૯૬૯ માગશીર્ષકૃષ્ણ પ્રતિપદા. } શિષ્ય કવિ દેવીદાસ ભાઇબાબાઇ શર્મા.
સ્થળ પ્રાંતિજ. મુ. મહુવાડા.

॥ श्री गुरुस्तवन ॥

(ગરબી)

આજે છે આનંદ અતિ મન માહ્યરે,
નિરખી એક શ્રી સદ્‌ગુરૂ નટવરલાલજો;
આર્યોનો જે પવિત્ર ધર્મ ઉદ્ધારવા,
લીધો છે આ જગ મધ્યે અવતારજો. આજે છે. ૧
વેદ શ્રુતિ સ્મૃતિ પુરાણ ઉપનિષદો તણો,
દેતા નિત્યે નિજ શિષ્યોને બોધજો;
ભવાટવીની જાળ મહી ફસતા જનો;
મુક્ત થયા સુણી શ્રીમુખનો સદ્‌બોધજો. આજે છે. ૨
નાસ્તિકતાનાં ચસ્માં જે નેત્રે ચઢયાં,
પ્રભોષધીથી નષ્ટ કર્યા રૂજ નેષ્ટજો;
આદિ મંત્રથી અનુભવ અનુપમ આપતા,
સર્વ ધર્મ માંહી જે છે અતિ શ્રેષ્ટજો. આજે છે. ૩
નિરખી આર્ય તણા ધર્મની પડતી દશા,
અવતરિયા છો વિશ્વ મહી વિભુ આપજો;
ઉગ્રેશ્વર સુત શ્રીયુત નટવરલાલજી,
સીતારામના સમાવિયા ત્રય તાપજો. આજે છે. ૪

શાર્દુલ.

આર્યોનો અતિ ધર્મ જે શ્રેષ્ટ છે, તે હાય ડૂબી જશે;
થાશે તો વીપરીત આર્ય દેશે, કે નાશ સૌનો થશે.
તે માટે ધરી હામ કામ કરવા, બાંધી કટી આજ છે;
તેવા ગુર્જર દેશમાં પ્રગટીયા, તે આ ગુરૂરાજ છે.

સંવત ૧૯૬૯ માગશીર્ષ કૃષ્ણ દ્વિતિયા. } લી૦ શિષ્ય સિતારામ જેશંગભાઇ શર્મા.
સ્થળ મહાદેવપુરી. પ્રાંતિજ.

॥ ॐ तत्सद्ब्रह्मणे नमः ॥

મહારાજ શ્રીમાન્ નટવરલાલજી તત્ત્વવેત્તા વિરચિત

સિદ્ધાંત સૂર્યોદય.

પ્રભા ૧ લી.

यथैधांसि समिद्धोऽग्नि र्भस्मसात् कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निःसर्व कर्माणि भस्मसात् कुरुतेतथा ॥ १ ॥

અર્થ—હે અર્જુન ! જેમ જ્વાળાથી પ્રજ્વલિત થયેલો અગ્નિ કાષ્ટોને બાળીને ભસ્મ કરી નાંખે છે તેમ નિરંતર અભ્યાસથી પ્રજ્વલિત થયેલો જ્ઞાન રૂપિ અગ્નિ પાપ-પુણ્ય રૂપને મિશ્રરૂપ સર્વ કર્મોને બાળી નાખે છે, ऋते ज्ञानान [illegible] श्रुति જ્ઞાન વિના મોક્ષ મળતો નથી.

શિષ્ય—હે ગુરૂદેવ આ સંસાર સમુદ્રમાં વૃત્તિરૂપી પ્રવાહનો વેગ છે અને તેમાં-લોકેષણા (લોકમાં કિર્તિ મેળવવાની અપેક્ષા તે) પુત્રેષણા (સ્ત્રી પુત્ર વિગેરેનું સુખ ભોગવવાની ઇચ્છા તે) ને વિત્તેષણા (સ્વર્ગાદિ સુખો ભોગવવાની ઈચ્છા તે) તેવા તૃણ ત્રષ્ણા રૂપી મોટા તરંગો છે કે જેમાં જીવ ગોથાં ખાતા તણાયાજ જાય છે તેમને ઉગરવાનો ઉપાય બતાવો. અર્થાત, અધ્યાત્મિક (વાતજ્વર રોગાદિનું દુઃખ) આધિ ભૌતિક (રાજા ચોર સર્પાદિનું દુઃખ) ને આધિદૈવિક (અનાયાસે વિ-જળી પડવી, કાળ પડવો મરકી ચાલવી વિગેરે દુઃખો) તે ત્રણ તાપોની નિવૃત્તિ થઇ મોક્ષ રૂપ પરમાનંદની પ્રાપ્તિ કેમ થાય તે કૃપા કરીને કહો ?

ગુરૂ—હે ભાઈ આ સંસાર રૂપી સમુદ્રમાં કાષ્ટની નૌકાઓરૂપ સદ્ગુરૂઓ ઘણા છે પણ તે ૧ કુળ, ૨ શીળ ૩ ધન, ૪ રૂપ, ૫ યૌવન, ૬ વિદ્યા, ૭ તપ ને ૮ રાજ્ય વિગેરેથી મસ્ત થએલા મદાંધોને સુઝી શકતુ નથી અને તેથી ઘણા કાળ સુધિ ગોથાં ખાવાં પડે છે જો જીજ્ઞાસુ વૃત્તિથી શ્રોત્રીય અને બ્રહ્મનિષ્ઠ એવા સદ્ગુરૂને શરણે જાય તો તેને સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થતાં જન્મ મર્ણરૂપી મહારોગની ઐકાંતિક અને આત્યંતિક નિવૃત્તિ થાય. તે નિર્વિવાદ જાણવું-હવે સાંભળ તારા પ્રશ્નનો પ્રતિઉત્તર આપું છું.

હે ભાઇ ! આ જીવને અનાદિ કાળનું અજ્ઞાન થએલું છે તેથી તે પોતાનું સ્વરૂપ ભૂલ્યો છે-જેથીજ આ જન્મ મરણરૂપી માયાની જાળમાં ફસાયેલો જણાય છે. જેમ કોઇ રાજપુત્ર ભિખારીના પુત્રની સંગે ચઢી ભીખ માગતાં શિખ્યો અને હું ભિખારી છું તેમ માનવા લાગ્યો. જ્યારે તેને તેના કુટુંબમાંનો કોઇ પુરૂષ મળ્યો અને તું ભિખારીનો પુત્ર નથી પણ રાજ્ય પુત્ર છે એવું ક્રમે કરીને જ્ઞાન આપી સમજાવ્યો ત્યારે તે સમજ્યો કે હું રાજપુત્ર છું. તેમ જીવ રૂપી રાજપુત્ર માયા રૂપી ભિખારીના પુત્ર સંગે ચઢી હું જીવ છું, હું કર્તા છું, હું ગરીબ છું, ગ્રહસ્થ છું, બળવાન છું, નિર્બળ છુ, બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું, વૈશ્ય છું ને શુદ્ર છું. તેવા મિથ્યા અધ્યાસ રૂપી ભીખમાં ભરાયો છે. હવે જો પેલા રાજપુત્રના કુટુંબીરૂપ સદ્ગુરૂ મળે અને ક્રમે કરીને તેને આત્મ સ્વરૂપનું જ્ઞાન આપે તો તુરતજ તેને પોતાનુ સ્વરૂપ પ્રાપ્ત થાય એટલે મોક્ષરૂપ પરમાનંદની પ્રાપ્તી થાય અને ભીખાધ્યાસ રૂપી દેહાધ્યાસ ટળે.

શિષ્ય—હે મહારાજ પ્રાપ્ત કરવાની વસ્તુ તે પ્રાપ્ત કહેવાય છે અને પ્રાપ્ત કરનારો જે બીજો પુરૂષ તે પ્રાપક કહેવાય છે તેવા પ્રાપ્ત અને પ્રાપક રૂપી શબ્દના અનુસારે જીવથી મેળવવાની વસ્તુ જે મોક્ષ તે જુદો હોવો જોઇએ અને

તમે તો કહો છો કે પોતે પોતાનુ સ્વરૂપ પ્રાપ્ત કરે તે મોક્ષ છે તેથી પ્રાપ્ત અને પ્રાપક ભાવનો વિરોધ આવે છે તેનું સમાધાન કેવી રીતે કરશો જો જીવ પોતેજ મોક્ષ સ્વરૂપ હોય તો તેને મોક્ષ મેળવવા જવાની એટલે સદ્ગુ-રૂના શરણે જવાની કે અધ્યાત્મ શાસ્ત્રનું અવલોકન કરવાની શી જરૂર છે તે કૃપા કરીને કહો.

ગુરૂ—હે શિષ્ય ! જેમ કોઈ બ્રાહ્મણનો દીકરો ભાંગ પીને બકે છે કે હું વૈશ્ય છું હું શુદ્ર છું હુ રાજા છું ઇત્યાદિ ઈત્યાદિ પોતે બ્રાહ્મણ છે તથાપી પોતાનું સ્વરૂપ ભુલીને ઉપર પ્રમાણે બકે છે પછી જ્યારે તેને કોઇ દયાળુ માણસ મળે ને ઘી આંબલી વીગેરે પીવરાવી તેની ભાંગ ઉતારે ત્યારે તેને ભાન થાય છે કે હું તો બ્રાહ્મણ છું ભાંગ પીને જે બકતો હતો તે મિથ્યા છે તેમ જીવ રૂપી બ્રાહ્મણે અનાદિ કાળથી અવિદ્યા રૂપી ભાંગ પીધી છે એટલે તે પોતાનું સ્વરૂપ ભૂલીને હું દેહ છું વરણ છું ગરીબ છું ગ્રહસ્થ છું એવી એવી મીથ્યા લવરી કરે છે. પણ જો તેને કોઇ દયાળુ ગુરૂ મળે તો ઘીને આંબલીરૂપી જ્ઞાન આપી તેની અજ્ઞાન રૂપી ભાંગ ઉતારે ત્યારે તેને સમજાય કે હું તો સાક્ષાત બ્રહ્મ છું પણ ઉપાધિથી આવા રૂપમાં આવ્યો છું તેમ પોતે પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે. દ્રષ્ટાંત બીજુ કોઇ કોઇ વખતે કેટલાક

મનુષ્યો પોતાનો દુવાલ કે ધોતીયું પોતાને ખભેજ હોય છે પણ તેનું ભાન નહિ રહેવાથી તે ઘરમાં જ્યાં ત્યાં શોધે છે પછી જ્યારે તેને કોઈ બીજો માણસ આવીને પુછે કે તમે શું સોધો છો ત્યારે તે કહે કે હું મારો દુવાલ કે ધોતીયું શોધું છું તે વખતે પેલો પુછનાર માણસ કહે છે કે ભાઇ તે તો તમારા ખભા ઉપરજ છે ને ફાંફાં શું કરવા મારો છો ત્યારે તેને જ્ઞાત થાય કે બરાબર હું ભુલું છું તે તો મને પ્રાપ્તજ છે તથાપી હું બે ભાનમાં શું કરવા સોધું છું તેમ જીવરૂપી માણસ પોતાના પ્રાપ્ત સ્વરૂપને પણ જ્યાં ત્યાં શોધે છે જ્યારે તેને પેલા બીજા માણસ રૂપી ગુરૂ મળે અને કહે કે હે ભાઇ તું તો પ્રાપ્તજ છે પ્રાપક ભાવ રાખી તારૂ સ્વરૂપ બીજે શું કરવા શોધે છે ત્યારે તેને જ્ઞાત થાય કે હું તો સાક્ષાત બ્રહ્મ છું.

તેમ હે ભાઇ જીવ પોતે પ્રાપ્ત જ છે તથાપી અજ્ઞાનને લીધે પ્રાપક ભાવ રાખે છે પણ તે તદ્દન મિથ્યા છે.

•

શિષ્ય—હે ગુરૂદેવ પોતે પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે તે વાતને હવે હું સારી રીતે સમજ્યો હવે કૃપા કરીને કહો કે આત્માનું સ્વરૂપ કેવું છે કેમકે હજી મને

અજ્ઞાન રૂપી ભાંગ ઉતરી નથી તેથી મને મારા સ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી આપને પુછું છું.

શુરૂ—હે ભાઇ-આત્મા તે નિત્ય, નિરાકાર, નિર્ગુણ, શુદ્ધ, એક, ક્ષેત્રજ્ઞ, અધિષ્ઠાન, અવિકારી સ્વપ્રકાશ, વિવર્ત, ઉપાદાન કારણ, અપરિચ્છિન્ન, વ્યાપક, અસંગી, અકર્તા, સુખરૂપ, અનામી, અવર્ણ, ઇંદ્રિયાતિત, અવસ્થાતિત, પંચ કોષાતિત, દ્વંદ્વાતિત, મુક્ત ને નિર્દેશ છે અને અનાત્મા તે તેથી વિપરીત પરીણામે છે. ઇતિ પ્રથમ પ્રભા.

પ્રભા ૨ જી.

શિષ્ય—હે મહારાજ પહેલી પ્રભામાં આપે આત્માનું સ્વરૂપ વર્ણવ્યું તે મે સાંભળ્યું પણ તેનો મને અનુભવ થયો નહિ કેમકે મારૂ સ્વરૂપ તો તેનાથી વિરૂદ્ધ છે પ્રથમ આપે આત્માની વાખ્યામાં આત્માને નિત્ય એટલે અમર કહ્યો ને હું તો અનિત્ય છું એટલે મરણ પામુ છું વળી આપે આત્માને નિરાકાર કહ્યો ને હું તો સાકાર એટલે હાથ પગ મ્હોં વીગેરે આકારવાળો છું વળી આપે આત્માને નિર્ગુણ કહ્યો ને હું તો સત્વ, રજ, ને તમ તેવા ત્રણ ગુણવાળો છું કેમકે કોઈ કોઇ વખતે આપના સરખા મહાત્માનો સદ્બોધ સાંભળી હું સત્વ

ગુણવાળો થાઉં છું કોઈ કોઈ વખતે કામ કાજમાં પ્રવૃત્તિ થાય છે ત્યારે રજ ગુણી થાઉં છું ને કોઇ કોઇ વખતે તમ ગુણવાળો એટલે ક્રોધિ પણ બનું છું તેથી નિર્ગુણ નહિ પણ સગુણ છું વળી આપે આત્માને શુદ્ધ કહ્યો ને હું તો મળ મુત્ર માંસ પાચ પરૂવાળો છું એટલે અશુદ્ધ છું વળી આપે આત્માને એક કહ્યો પણ તે મારા માનવામાં આવતું નથી કેમકે મારાથી તમે જુદા આત્મા છો મારી તમારી બુદ્ધિમાં પણ ઘણો ફેર છે તમે જ્ઞાનથી સુખી સ્થિતિમાં છો ને હું અજ્ઞાનથી દુ:ખી સ્થિતિમાં છું તેથી હું ને તમે જુદા છીએ તેમ દરેક આત્માઓ પણ એક એકથી વિલક્ષણ સ્થિતિના હોય છે એક જન્મે છે ને એક મરેછે તેથી આત્મા એક નથી પણ ઘણા છે. વળી આપે આત્માને ક્ષેત્રજ્ઞ કહ્યો તે પણ મારા માનવામાં આવતુ નથી કેમકે ક્ષેત્રને કાંઇ દુ:ખ થાય તો ક્ષેત્રજ્ઞને શું પણ મને તો હાથ પગ રૂપી ક્ષેત્રમાં કાંટો વાગે છે તોહો દુ:ખ થાય છે ને તેથી બુમો બરકા પાડું છું માટે હું પોતે ક્ષેત્રરૂપ છું ક્ષેત્રજ્ઞ નથી વળી આપે આત્માને શરીર જેના આશ્રયે રહ્યું છે એવો અધિષ્ટાન કહ્યો તે પણ મને સમજાયું નહિ કેમકે શરીર મારા આશ્રયે રહ્યુ નથી પણ હુ શરીરના આશ્રએ રહ્યોછું મારાથી શરીર વીના રહેવાય નહિ માટે હુ અધિષ્ટાન રૂપ નથી વળી આપે આત્માને અવિકારી

કહ્યો ને હું તો જન્મવું દેખાવું વધવું જુવાન થવું ઘરડું થવું ને નાશ પામવું ઇત્યાદિ છ વિકારવાળોછું વળી આપે આત્માને સ્વપ્રકાશ કહ્યો અને હું તો સ્વપ્રકાશ નથી પણ પર પ્રકાશ છું કેમકે સુર્ય ચંદ્ર કે દિવા વગર મારાથી કાંઈ દેખી શકાતું નથી અને હું પ્રકાશ પણ કરી શકતો નથી વળી આપે આત્માને વિવર્ત ઉપાદાન કારણ કહ્યો અને હું તો પોતે કાર્યરૂપ છું કારણરૂપે નથી વળી આપે આત્માને અપરિચ્છિન્ન કહ્યો અને હું તો પરિચ્છિન્ન એટલે ચળ છું વળી આપે આત્માને વ્યાપક કહ્યો ને હું તો અવ્યાપક છું કેમકે જો વ્યાપક હોઉતો તમારા મનની વાત જાણી શકાય અને વાત જાણી શકાય તો પછી મારામાં અજ્ઞાન હોય નહિ અને તમને પુછવાપણું રહે નહિ માટે મનની વાત તો શું પણ તમારા ગુંજામાં શી વસ્તુ છે તે જાણવાને પણ હું શક્તિમાન નથી તેથી વ્યાપક કેમ કહેવાઉ હું તો અવ્યાપકછું વળી આપે આત્માને અસંગી કહ્યો ને હું તો સ્રી પુત્ર ધન વિગેરેનો સંગીછું અને સુખ દુઃખ તથા હર્ષ શોકથી લેપાઉછું વળી આપે આત્માને અક્રિય કહ્યો ને હું તો સારા નરતાનો કર્ત્તાછું જાઉછું આવુંછું ખાઉંછું પીઉછું વિગેરે રીતથી કરતા છું વળી આપે આત્માને સુખરૂપ કહ્યો ને હું તો દુઃખરૂપ છું કેમકે મારી આશા ત્રષ્ણાઓ પુરી થતી નથી અને તેથી

ચિન્તા થયા કરે છે તેથી દુઃખી દેખાઉછું વળી આપે આ-
ત્મા અનામી અને અવર્ણ કહ્યો ને હું તો દેવદત્ત તેવા નામ
વાળો અને વૈશ્ય નામની વર્ણછું વળી આપે આત્માને
ઇંદ્રિયાતિત કહ્યો ને હું તો આંખ, કાન, નાક, વિગેરે
ઇંદ્રિયોવાળો છું. વળી આપે આત્માને અવસ્થાતિત્ કહ્યો
ને હું તો જાગ્રત્ સ્વપ્ન ને સુષુપ્તિ વિગેરે અવસ્થાવાળોછું
વળી આપે આત્માને પંચકોષાતિત કહ્યો ને હું તો કોષ
રૂપછું વળી આપે આત્માને દ્વંદ્વાતિત કહ્યો ને હું તો
જન્મ મરણ ક્ષુધા ત્રષા સુખ દુઃખ વિગેરે દ્વંદવાળોછું
વળી આપે આત્માને મુક્ત કહ્યો ને હું તો બંધાએલોછું
જો આત્મા મુક્ત હોય તો જ્ઞાન શબ્દનીજ શી જરૂર
છે વળી આપે આત્માને નિર્દેશ કહ્યો ને હું તો દેશ ગા-
મ ને ઘર વાળોછું તો હે દયાળુ ગુરૂ દેવ એ રીતે આપ-
ના કહેવામાં મને શંકાઓ થાય છે અને તેથી વાત અ-
નુભવમાં આવતી નથી તો કૃપા કરી તેનું સમાધાન કરો.
ઇતિ દ્વિતિય પ્રભા.

પ્રભા ૩ જી.

ગુરૂ—હે શિષ્ય. ઉપર કરેલી તારી તમામ શંકાઓ
તદ્દન ખોટી છે અને તે તારા અજ્ઞાનથીજ થએલી છે

પહેલી પ્રભામાં બ્રાહ્મણે ભાંગ પીધી તેથી કરીને તે પોતાનું સ્વરૂપ ભૂલ્યો ને હું શુદ્ર છું વૈશ્ય છું વિગેરે ખોટો અધ્યાસ થયો તેવું દ્રષ્ટાંત આપ્યું છે તેમ તને પણ અજ્ઞાન રૂપી ભાંગે કરીને ખોટો દેહાધ્યાસ થયો છે તેથી હું દેહ છું એમ માનીને તેં શંકાઓ કરી છે પણ હે ભાઇ તું દેહ નથી તું તો આત્મા છે અને અનાત્મા જે માયા તેના ધર્મોનો તેં પોતામાં એટલે આત્મામાં ખોટો આરોપ કરી લીધો છે તેથીજ તને એવી શંકાઓ ઉપજે છે માટે હવે સાંભળ પ્રથમ તને આ જગત્‌ની ઉત્પત્તિ એટલે માયાના તત્વોનું નિરૂપણ કહી સંભળાવું તેથી તારા સઘળા સંદેહની વિવૃતિ થશે.

હે ભાઈ નિત્ય નૈમિતિક પ્રાકૃત ને આત્યંતિક એવા ચાર પ્રકારના પ્રલય છે. નિત્ય ક્ષણે ક્ષણે મનુષ્યાદિ પ્રાણીયોનો નાશ થાય છે તે અથવા જીવોને નિત્ય જે શુષુપ્તિ એટલે નિંદ્રા અવસ્થા પ્રાપ્ત થાય છે તે નિત્ય પ્રલય કહેવાય છે સત્ય ત્રેતા દ્વાપર ને કળી એ ચાર યુગોને એક ચોકડી કહેલી છે એવી એક હજાર ચોકડીઓ પુરી થએ બ્રહ્માનો એક દીવસ પુરો થઈને રાત્રી પડે છે આ બ્રહ્માના એક દિવસમાં માણુસનાં ચાર અબ્જ ને બત્રીસ કરોડ વર્ષો પુરાં થાય છે તેમની રાત્રી પણ તેટલાજ વર્ષોની છે બ્રહ્માના દીવસમાં થએલા સ્વ-

ર્ગ મૃત્યુ ને પાતાળ તે ત્રણે લોક તેમની રાત્રીમાં નાશ એટલે તિરોભાવ પામે છે અને રાત્રી પુરી થઈ જ્યારે દિવસ થાય છે ત્યારે પાછા ક્રમે કરીને હતા તેમ રચાય છે તેથી બ્રહ્માનો દિવસ પુરો થએ ત્રણે લોકનો જે નાશ થાય છે તે બીજો નૈમિતિક પ્રલય કહેવાય છે હવે ઉપર કહેલી રીતે ત્રણુસોને સાઠ દીવસે તેમનું એક વર્ષ થાય છે તેવાં તેમનાં સો વર્ષ પુરાં થએ તેમનું આયુષ્ય પુરૂ થાય છે આ વખતે પ્રકૃતિનાં સર્વ કાર્યો પકૃતિમાં લય પામે તેને ત્રીજો પ્રાકૃત પ્રલય કહેવાય છે આ પ્રલયને કેટલાક મહા પ્રલય પણ કહે છે હવે ચોથો જે આત્યં-તિક પ્રલય તેતો માત્ર જ્ઞાન પામેલાનેજ થાય છે અને તે કયારે થાય છે તેને માટે કાંઇ નિર્માણ નથી તેતો જ્ઞા-નીયોનુ આયુષ પુરૂ થાય કે તુર્તજ થાય છે હે ભાઈ જ્ઞાનરૂપી પ્રકાશથી માયા અને મયાનાં કાર્યોરૂપી અંધકા-રનો જે દ્દઢ બાદ થાય તે આત્યંતિક પ્રલય કહેવાય છે ઉપર કહેલા ત્રણ પ્રલયતો નિમિત્ત કાળે થનારા એટલે સ્વાભાવિક છે અને ચોથો જે આત્યંતિક પ્રલય તે અસ્વા-ભાવિકને પુરૂષાર્થવડે સાધ્ય થાય છે એ રીતે ચાર પ્રલય-ની રીત સમજાવી હવે ત્રીજો જે પ્રાકૃત કે મહા પ્રલય તેમાં પ્રકૃતિનાં સર્વ કાર્યો પ્રકૃતિમાં કેવી રીતે લય પામે છે તેનો ક્રમ કહું છું. જે રજોગુણ તમોગુણને દાબીને રહેલો

તે શુદ્ધ સત્વગુણ કહેવાય છે અને રજોગુણ તમોગુણથી પોતે દબાયલો છે તે મલીન સત્વગુણ કહેવાય છે. તે મલીન સત્વ ગુણ સહિત અજ્ઞાનનો અંશ એટલે વ્યષ્ટિ અવિદ્યા વ્યષ્ટિ અવિદ્યામાં પડેલું ચેતનનું પ્રતિબિંબ અને વ્યષ્ટિ અવિદ્યાનું અધિષ્ઠાન કૂટસ્થ ચેતન તે ત્રણ મળીને જીવ કહેવાય છે તે જીવ સારાં નરતાં કર્મો કરે છે અને તેના તે પ્રમાણે ફળનો ભોક્તા થાય છે જયારે જીવનાં કર્મો ફળ આપવાને માટે અશક્ત થાય છે ત્યારે મહા પ્રલય કહેવાય છે આ વખતે કર્મો સૂક્ષ્મ થઇને કારણ માયામાં પ્રવેશ કરે છે અને દ્રષ્ટે દેખાતા જેટલા સ્થૂલ પદાર્થો છે તે પૃથ્વીમાં લય પામે છે પૃથ્વી જળમાં જળ તેજમાં તેજ પવનમાં પવન આકાશમાં ને આકાશ તમો ગુણ પ્રધાન માયામાં લય પામે છે તમગુણ સત્વગુણમાં લય પામી પ્રધાન માયા એટલે શક્તિ તે ઇશ્વરના આશ્રયમાં વિલિન થાય છે આને મહા પ્રલય કે પ્રાકૃત પ્રલય કહે છે હવે તે માયાની પુનરાવૃત્તિ બીજા કલ્પમાં કેવી રીતે થાય છે તેનું વર્ણન હવેની પ્રભામાં કરીશું.

ઇતિ ત્રતિય પ્રભા.

સભા ૪ થી.

મહાત્મા—હે મુમુક્ષો બ્રહ્માના સો વર્ષ જેવડા મહા પ્રલયમાં આસમગ્ર જગત (માયા) જેમ દીવાસળીમાં અગ્નિ શાન્ત રૂપે રહ્યો છે તેમ શાન્ત એટલે ઘોર રૂપે રહે છે. અને તે પછી જીવોનાં કર્મો જ્યારે ફળ આપવાને તત્પર થાય છે ત્યારે સગુણ ઇશ્વર एकोऽहं बहुस्याम्. श्रुति. અર્થ—હું એક રૂપે છું તે બહુ રૂપે થાઉં આવી ઇચ્છા કરે છે ત્યારે જેમ કરોળીયાના મોઢામાંથી જાળ પ્રગટ થાય છે તેમ ઇશ્વરમાંથી માયા પ્રગટ થાય છે તે માયાના ત્રણ ગુણોમાં તમોગુણ પ્રાધાન્યપણે થતાં મહતત્વ ઉત્પન્ન થાય છે અને તેમાંથી આકાશ (અવકાશ) સરજાય છે પછી તે આકાશ નામના સુક્ષ્મ તત્વનું મધ્ય ભાગ ભણી કાંઇક ખેંચાણ થવાથી તેના મધ્યભાગ રૂપ એક દેશમાંથી ગતિ ધર્મવાળુ વાયુ તત્વ ઉપજ્યું તે ગતિ ધર્મવાળા વાયુની મધ્ય ભાગ ભણી વિશેષ ગતિ થવાથી તેના મધ્યવિભાગરૂપ એક દેશમાંથી ઉષ્ણુતા તથા પ્રકાશ ધર્મવાળુ તેજ નામનું તત્વ ઉપજ્યું તે તેજસ તત્વનો મધ્ય ભાગ શીતળ થવાથી તેમાંથી સ્થૂળ ને રસ ધર્મવાળુ જળ નામનું તત્વ ઉપજ્યું પછી તે જળતત્વના મધ્ય ભાગનો એક દેશ અતિ ઘાટો થઇ અતી કઠીનતા ધર્મ-

વાળા પૃથ્વિ તત્વરૂપ થયો આવી રીતે આકાશથી માંડીને પૃથ્વિ તત્વ સુધીનાં સૂક્ષ્મ ભૂતોની ઉત્પત્તિ થઇ એ સુક્ષ્મ ભૂતોમાંથી પાંચ કર્મ ઇંદ્રિયો પાંચ જ્ઞાનેન્દ્રિયો પાંચ પ્રાણો મન અને બુદ્ધિ તેવા સત્તર તત્વના સમૂહરૂપ જીવોનાં સૂક્ષ્મ શરીરો ઉપજ્યાં. મહા પ્રલય વખતે જીવો પોતપોતાની વ્યષ્ટિ અવિદ્યા એટલે કારણ શરીર સહિત હતા તે વેળાએ તે જીવોનું પ્રાજ્ઞ એવું નામ હતું તે પ્રાજ્ઞો જ્યારે ઉપર કહેલા સૂક્ષ્મ શરીરો સાથે જોડાયા ત્યારે તેમનું નામ તૈજસ પડયું ઉપર કહેલાં પાંચ સૂક્ષ્મ ભૂતો પરસ્પરમાં મળવાથી સ્થૂળ ભૂતો થયાં એ સ્થુળ ભૂતોમાંથી પ્રતિત થતાં સર્વ મનુષ્યાદિનાં સ્થૂળ શરીરો તથા અન્ન પાનાદિ ભોગ્ય પદાર્થો રચાયા હવે ઉપર કહેલા સૂક્ષ્મ શરીરોવાળા તૈજસો જ્યારે સ્થૂળ શરીરની સાથે જોડાઇ તે શરીરના અભીમાનવાળા થયા ત્યારે તેમનું વિશ્વ એવું નામ પડયું એવી રીતે માયાના પરિણામ રૂપ ને ચેતનના વિવર્તરૂપ પૃથ્વિ આદિ સર્વ મંડળો તથા તેઓમાં રહેનારા ભોક્તાઓનાં સ્થૂળ શરીરો અને તેમને પ્રિય એવા અન્ન પાનાદિના સમૂહરૂપ ભોગ્ય પદાર્થો થયા આવિ રીતે શુદ્ધ ચેતનમાં જગતનો આરોપ કરવામાં આવે છે ને પછી સદરૂપેતો સર્વદા માત્ર એક શુદ્ધ ચેતનજ હોવાથી તે સર્વ જગતના મિથ્યા

પણાનો નિશ્ચય થાય છે આને પ્રપંચનો અપવાદ કર્યો કહેવાય છે. આમાં ઇશ્વર કૃત સૃષ્ટિ પ્રથમથી છે. ને પછી જીવોને તેનું ભાન થાય છે એમ માનવામાં આવે છે તેથી આ વાદનું નામ સૃષ્ટિ દૃષ્ટિવાદ (પહેલી સૃષ્ટિ ને પ-છી તેનુ જ્ઞાન એવો મત) છે પ્રથમ જીજ્ઞાસુ માટે આ વાદ ઉત્તમ ગણાય છે હે શીષ્ય કલ્પના પ્રારંભે ઇશ્વર-માંથી માયા ને માયામાંથી સ્થૂળ સૂક્ષ્મ સર્વ જગતની ઉત્પત્તિ મેં તને સંક્ષેપમાં કહી હવે તેના ક્રમ વડે આ નિચેની પાંચમી પ્રભામાં કહું છું તે એકાગ્રહ ચીત્ત શ્રવણ કર કેમકે એકાગ્ર ચિત્ત કર્યા વિના હૃદયમાં પુરેપુરી વાત ઠસતી નથી અને તેથી તેના મુખ્ય ફળનો લાભ પણ મળતો નથી માટે એકાગ્ર ચિત્તે સાંભળ. ॥ ઇતિ ચતુર્થ પ્રભા ॥

પ્રભા ૫ મી.

જીવોના ભોગ નિમિત્તે જગત ઉપજાવું એવી ઇશ્વ-રને ઇચ્છા થઇ ત્યારે માયા તમોગુણ પ્રધાન થઇ તે-થી જેનો શબ્દ ગુણ છે એવું આકાશ તત્વ ઉપજ્યું તે આકાશથી જેનો સ્પર્શગુણ છે તેવું વાયુ તત્વ ઉપજ્યું તે પછી વાયુ તત્વથી જેનો રૂપગુણ છે એવું તેજ તત્વ

ઉપજ્યું તે તેજથી જેનો રસગુણ છે એવું જળ તત્વ ઉપજ્યું પશ્ચાત જળ તત્વથી જેનો ગંધ ગુણ છે એવું પૃથિવ તત્વ ઉપજાવ્યું એવી રીતે ઉપર બતાવેલા પ્રથક-પ્રથક પાંચ ગુણોવાળાં. આકાશ-વાયુ-તેજ-જળ ને પૃથિવ તેવાં પાંચ સૂક્ષ્મ ભૂતો થયાં તેમાં આકાશ ફક્ત શબ્દગુણ વાળુ છે અને તેથી ઉત્પન્ન થયેલો વાયુ તે શબ્દને સ્પર્શ એવા બે ગુણવાળો છે અને તે વાયુથી ઉત્પન્ન થએલુ તેજ તેથી તેજમાં શબ્દ સ્પર્શ ને રૂપ તેવા ત્રણ ગુણો છે તે ત્રણ ગુણોવાળા તેજથી ઉપજેલું જળ તે શબ્દ-સ્પર્શ રૂપ ને રસ તેવાચાર ગુણોવાળુ છે અને જળથી ઉપજેલી જે પૃથિવ તે શબ્દ સ્પર્શ રૂપ રસ ને ગંધ તેવા પાંચ ગુણોવાળી છે. તે પાંચ તત્વોમાં પાંચ ગુણોનું વિશેષ સ્પષ્ટિકરણ—આકાશમાં પ્રતિધ્વનિ રૂપ શબ્દ ગુણછે. વાયુમાં સિસિ શબ્દ અને ઉષ્ણુતા શીતલતા ને કઠિનતાથી વિલક્ષણ સ્પર્શ ગુણ છે. અગ્નિરૂપ તેજ તત્વમાં ભૂક ભૂક શબ્દ ઉષ્ણ સ્પર્શને પ્રકાશ કર્ત્તા-રૂપ નામના ગુણ છે. જળમાં ચુલ ચુલ શબ્દ સીતળ સ્પર્શ શુકલ રૂપ ને મધુર રસગુણ છેઃ જળમાં જે ખારો કે કડવો રસ પ્રતિત થાયછે તે પૃથિવના સબંધથી થાય છે નહિતો જળનો રસ મધુર છે. પૃથ્વી તત્વમાં કટકટ શબ્દ ઉષ્ણુતા ને સીતલતાથી વિલક્ષણ કઠિન સ્પર્શ શ્વેત લીલો પીળો રાતો ને કાળો આ

હિરૂપ છે મધુર ખાટો ખારો કડવો ભાંભરો ને તીખો રસ છે અને સુગંધ ને દુર્ગંધ એવો બે પ્રકારનો ગંધ ગુણ છે એવી રીતે આકાશમાં એક વાયુમાં બે તેજમાં ત્રણ જળમાં ચાર ને પૃથિવમાં પાંચ ગુણ છે.

હે શિષ્ય—માયારૂપ અજ્ઞાન તે જીવનો કારણ દેહ કહેવાય છે આકાશ વાયુ તેજ જળ ને પૃથિવ તે પાંચ ભૂતરૂપ માયાનાં પાંચ અંગો છે આ માયામાં સત્વ રજ ને તમ તેવા ત્રણ ગુણો છે તે ત્રણ ગુણોવડે કરીને બીજો સૂક્ષ્મ દેહ બનેલો છે આ સૂક્ષ્મ દેહને કેટલાક લીંગ દેહ કહે છે. તેનાં પચીસ તત્વો છે તેની સમજ નીચે પ્રમાણે.

પાંચ ભૂતોના સત્વ ગુણના અંશોથી પાંચ અંતઃકરણ અને પાંચ જ્ઞાનેન્દ્રિયો ઉપજેલી છે જે કે આકાશના સત્વ ગુણુથી અંતઃકરણ ને શ્રોત્ર (કાન) જ્ઞાનેન્દ્રિય વાયુના સત્વ ગુણુથી મન અને ત્વચા જ્ઞાનેન્દ્રિય તેજના સત્વ ગુણુથી બુદ્ધિ અને ચક્ષુ જ્ઞાનેન્દ્રિય જળના સત્વ ગુણુથી ચીત અને જીંહ્વા જ્ઞાનેન્દ્રિય ને પૃથિવના સત્વ ગુણુથી અહંકાર અને ઘ્રાણ (નાસિકા) જ્ઞાનેન્દ્રિય ઉપજી છે. તેમ અનુક્રમે અંતઃકરણ મન બુદ્ધિ ચીત ને અહંકાર તે પાંચ અંતઃકરણ અને શ્રોત્ર ત્વચા ચક્ષુ જીંહ્વા ને નાસિકા તે પાંચ જ્ઞાનેન્દ્રિય એમ પાંચ ભૂતોના સત્વ ગુણ વડે સૂક્ષ્મ દેહનાં તે દશ તત્વો સરજાયેલાં છે હવે તે પાંચ ભૂતોના રાજસ ગુણુથી ઉપજેલાં પાંચ વાયુ

એ પાંચ કર્મેન્દ્રિયો તે દશ તત્વોની સમજુતી આપું છું આકાશના રાજસ ગુણથી વ્યાન વાયુ ને વાચા કર્મેન્દ્રિય વાયુના રાજસ ગુણથી સમાન વાયુ ને પાદ (પગ) કર્મેન્દ્રિય તેજના રાજસ ભાગમાંથી ઉદાન વાયુ ને પાણી (હાથ) કર્મેન્દ્રિય જળના રાજસ ગુણથી પ્રાણ વાયુ ને શિશ્ન (લીંગ) કર્મેન્દ્રિય ને પૃથ્વિના રાજસ ગુણથી અપાન વાયુ ને ગુદા કર્મેન્દ્રિય ઉપજેલી છે. અનુક્રમે વ્યાન, સમાન, ઉદાન, પ્રાણ ને અપાન તે પાંચ વાયુ ને વાચા, પાદ, પાણી, શિશ્ન ને ગુદા તે પાંચ કર્મેન્દ્રિયો મળી કુલ દશ તત્વો પાંચ ભૂતોના રાજસ ગુણથી ઉપજેલાં છે. હવે તેમના તામસ ગુણથી સરજાએલા પાંચ વિષયની સમજુતી આપુ છું આકાશના તામસ ગુણથી શબ્દ વાયુના તામસ ગુણથી સ્પર્શ તેજના તામસ ગુણથી રૂપ જળના તામસ ગુણથી રસ ને પૃથ્વિના તામસ ગુણથી ગંધ તેમ અનુક્રમે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ તે પાંચ વિષયો પાંચ ભૂતોના તામસ ભાગથી ઉપજેલા છે હે ભાઈ તેમ પાંચ ભૂતોના સત્વ ગુણથી પાંચ અંતઃકરણ ને પાંચ જ્ઞાનેન્દ્રિયો રાજસ ગુણથી પાંચ વાયુને પાંચ કર્મેન્દ્રિયો અને તામસ ગુણથી પાંચ વિષયો તેમ કુલ પચીસ તત્વોનો સૂક્ષ્મ દેહ સરજાયો હવે પચીસ તત્વોના ધર્મ એટલે તે જે જે ક્રિયા કરે છે તે હવેની પ્રભામાં કહું છું. ઇતિ.

પ્રભા ૬ ઠ્ઠી.

મહાત્મા—હે મુમુક્ષો ભૂતોના સાત્વીક ભાગમાંથી ઉત્પન્ન થયેલાં પાંચ અંતઃકરણના ધર્મો કહું છું તે સાંભળ.

પ્રથમ અંતઃકરણ-તેનાથી સ્ફુરણ થાય છે ને તેના દેવ એટલે અધિપતિ વિષ્ણુ છે. બીજુમન-તે સારી નરતી વાતનો સંકલ્પ વિકલ્પ કરે છે ને તેના દેવ ચંદ્રમા છે. ત્રીજી બુદ્ધિ-તે દરેક વાતનો નિશ્ચય કરે છે ને તેના દેવ બ્રહ્મા છે. ચોથુ ચિત્ત-તે દરેક વિષયોનું ચિંતવન કરે છે તેના દેવ નારાયણ છે. પાંચમું અંતઃકરણ-અહંકાર તે વડે કાર્ય કરવાનું અભીમાન થાય છે તેના દેવ રૂદ્ર છે. હવે પાંચ પ્રાણવાયુનું સ્પષ્ટિકરણ કરૂંછું—

પ્રથમ વ્યાન વાયુ તે સર્વે અંગમાં વ્યાપક રહે છે ને દેહની સંધિયો વાળવી ઈત્યાદિ સર્વ કર્મ કરે છે બીજો સમાનવાયુ તે નાભિસ્થાનમાં રહે છે ને નાડીઓ દ્વારાએ રોમે રોમમાં અન્ન રસને પહોંચાડે છે. ત્રીજો ઉદાન વાયુ તે કંઠસ્થાનમાં રહે છે ને અન્નજળને દેહમાં જતાં જુદાં પાડે છે. વળી કંઠમાં રહેલી હિતાનાડીમાં સ્વપ્નુ પણ દેખાડે છે. ચોથો પ્રાણવાયુ તે હૃદય સ્થાનમાં રહે છે ને નિત્ય ૨૧૬૦૦ શ્વાસોશ્વાસ લેવરાવે છે. પાંચમો અપાન વાયુ તે ગુદા સ્થાનમાં રહે છે ને મળનો ઉત્સર્ગ એટલે

ત્યાગ કરાવે છે. એ શીવાય નાગ. કુર્મ. કૃકલ. દેવદત્તને ધનંજય એ પાંચ ઉપપ્રાણ છે અને તે દરેકથી જુદી જુદી ક્રિયા થાય છે તે એ રીતે કે નાગથી ઓડકાર થાય છે. કુર્મથી આંખ મીચાય છે ને ઉઘડાય છે. કૃકલથી-છીંક થાય છે. દેવદત્તથી બગાસું આવે છે. ને ધનંજય વાયુ આખા શરીરમાં રહીને શરીરને પુષ્ટ કરે છે. અને મુડદામાં રહીને તેને ફુલાવે છે માટે તે દશ વાયુ પ્રાણ રૂપ છે. હવે પાંચ જ્ઞાનેન્દ્રિયનું સ્પષ્ટિકરણ કરૂછું. પ્રથમ શ્રોત્ર (કાન) તેણે કરી શબ્દ શ્રવણ થાય છે ને તેના દેવ દીકપાલ છે. બીજી ત્વચા-તેણે કરી સ્પર્શ-શીત ઉષ્ણ મૃદુ ને કઠિનતા આદિ જણાય છે તેના દેવ વાયુ છે. ત્રીજી ચક્ષુ-તેણે કરી રૂપ દેખાય છે તેના દેવ સૂર્ય છે. ચોથી જીવ્હા-તેથી રસસ્વાદ જણાય છે ને તેના દેવ વરૂણ છે. પાંચમી ઘ્રાણ (નાસિકા) તેથી સુગંધ દુર્ગંધ જણાય છે ને તેના દેવ અશ્વનિ કુમાર છે હવે પાંચ કર્મેન્દ્રિયોની વાખ્યા કહું છું.

પ્રથમ વાચા તેણે કરી શબ્દ બોલાય છે તેના દેવ અગ્નિ છે. બીજી પાણી (હાથ) તેથી પદાર્થને લેવ દેવ કરાય છે તેના દેવ ઇન્દ્ર છે. ત્રીજી પાદ (પગ) તેણે કરી જાય છે આવે છે ને તેના દેવ ઉપેંદ્ર છે ચોથી શિશ્ન (લિંગ) તેણે કરી મૂત્ર ત્યાગ થાય છે. ને રતિ ભોગ

થાય છે. તેના દેવ પ્રજાપતિ છે. પાંચમી ગુદ (ગુદા) તેણે કરી મળનો ત્યાગ થાય છે ને તેના દેવ યમ છે. હવે પાંચ વિષયોનું સ્પષ્ટિકરણ કરૂંછું.

પ્રથમ શબ્દ તે શ્રોત્રસ્થાને રહે છે બીજો સ્પર્શ તે ત્વચા સ્થાને રહે છે. ત્રીજો રૂપ તે નેત્ર સ્થાને રહેછે. ચોથો રસ તે જીંહ્વા સ્થાને રહે છે. ને પાંચમો ગંધ–તે નાસિકા સ્થાને રહે છે. એ પ્રમાણે હે શિષ્ય મેં તને સુક્ષ્મ દેહની સમજુતી આપી. તેમાં એવુ પણ સમજવાનું છે કે તત્વનું નામ તે અધ્યાત્મ છે. તેનો વિષય તે આધિભૂત છે. ને તેના દેવ તે તેમાં આધિ દૈવત છે જેમકે કાન તે અધ્યાત્મ તેનો વિષય શબ્દ સાંભળવો તે આધિભૂત ને તેનુ દૈવત દિકપાલ તે આધિ દૈવ કહેવાય છે. ચક્ષુ તે અધ્યાત્મ તેનો વિષય રૂપ જોવું. તે આધિભૂત ને તેના દેવ સુર્ય તે તેમાં આધિ દૈવત છે. તે પ્રમાણે દરેક તત્વો સમજવાં. એમાં પાંચ અંતઃકરણો તે કર્ત્તા ભોક્તા છે. પાંચ પ્રાણવાયુ તેમનાં વાહન છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વાર છે, પાંચ કર્મન્દ્રિયો સેવક છે. ને પાંચ વિષયો તેમના ભોગ છે.

શિષ્ય—હે મહારાજ પાંચ અંતઃકરણ ને પાંચ જ્ઞાનેન્દ્રિયો તે પાંચ ભૂતોના સાત્વિક ભાગમાંથી પાંચ

વાયુ ને પાંચ કર્મેન્દ્રિયો રાજસ ભાગમાંથી ને પાંચ વિષયો તેમના તામસ ભાગમાંથી ઉત્પન્ન થયા છે. એવું આપ આગળ કહી ગયા છો તે શા આધારથી કહોછો.

ગુરૂ—હે શિષ્ય ગીતામાં કહ્યું છે કે " सत्वा त्संजायते ज्ञानं " એટલે સત્વ ગુણુથી જ્ઞાન પ્રગટ થાય છે. તેમ અંતઃકરણુ મન બુદ્ધિ વિગેરેથી સુખ દુઃખનું જ્ઞાન થાય છે. શ્રોત્ર ત્વચા ચક્ષુ વિગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયોથી શબ્દ સ્પર્શ રૂપ વિગેરેનું જ્ઞાન થાય છે. માટે તે સાત્વિક ભાગમાંથી થએલા છે એમ જાણુવું. બીજુ પાંચ પ્રાણુ તથા પાંચ કર્મેન્દ્રિયોથી પ્રસિદ્ધ ક્રિયા થાય છે તેથી તે રાજસ ભાગમાંથી ઉત્પન્ન થયાં છે તેમ જાણુવું. કેમકે રજોગુણુથી ક્રિયા કરવાની પ્રવૃત્તિ થાય છે. બીજું પાંચ વિષયોમાં જ્ઞાન નથી કેવળ જડરૂપ છે. તેથી તામસ ભાગમાંથી થયા એમ જાણુવું. કેમકે એ સર્વ તત્વોને જાણુનાર જીવાત્મા છે પણુ તેતો જડરૂપ છે. એજ તારા પ્રશ્નનો પ્રતિ ઉત્તર છે. હવે સાંભળ આ નીચેની પ્રભામાં સ્થૂળ દેહની ઉત્પત્તિ કહી બતાવું છું. ઇતિ ષષ્ટિય પ્રભાયામ્.

પ્રભા ૭ મી.

મહાત્મા—હે મુમુક્ષો, આકાશ, વાયુ, તેજ, જળ, ને પૃથ્વિ તે પંચમહાભૂતનું પંચીકૃત થવાથી સ્થૂળ દેહ થયો તેનો સ્થુળ વિચાર નીચે પ્રમાણે.

આ શરીરમાં જેટલો કઠિણ ભાગ છે તે પૃથ્વિનો છે અને દ્રવિભૂત એટલે રસરૂપ ભાગ જળનો છે. જેટલો ઉષ્ણ એટલે ઉનો ભાગ છે તેટલો તેજનો છે. ચાલવું હાલવું વાયુથી થાય છે. માટે તે ક્રિયા માત્ર ભાગ વાયુનો છે. અને શરીરમાં જેટલો ભાગ પોલાણનો છે તેટલો આકાશનો છે. હવે તેનો સુક્ષ્મ વિચાર કહું છું. હે ભાઇ અવિદ્યા કે અજ્ઞાન તે કારણ દેહ કહેવાય છે. તે પછી આગળની પ્રભાઓમાં જણાવેલાં પચીસ તત્વવાળો સુક્ષ્મદેહ બન્યો તે પછી ઇશ્વર ઇચ્છાથી એક એક ભૂતના બે બે ભાગ થયા તેમાંથી સર્વ ભૂતોનો એક એક ભાગ જુદો રહ્યો ને બાકી રહ્યા જે એક એક ભાગ તેઓના દર એકના ચાર ચાર ભાગ થયા પોત પોતાનો જે અરધો અરધો ભાગ જુદો રહેલો છે, તેને મુકીને બીજા ચાર ભૂતના અરધા અરધા ભાગ સાથે પોતાના ચાર ચાર ભાગમાંથી એક એક ભાગનો જે મેલાપ તેનું નામ

પંચિકરણ કહેવાય છે. તેઓને પંચિકૃત પંચ મહાભૂત પણ કહે છે તેની સ્પષ્ટ સમજણ નિચે પ્રમાણે.

આકાશ, વાયુ, તેજ, જળ, ને પૃથિવી. તે પાંચ મહાભૂત તેઓનાં પચીસ તત્વ નીચે પ્રમાણે.

કામ, ક્રોધ, શોક, મોહ, ને ભય. તે પાંચ તત્વ આકાશનાં છે સ્થુળ દેહમાં કટયાકાશ, ઉદરાકાશ, રદયાકાશ કંઠાકાશ ને શીરાકાશ. તે પાંચ આકાશ છે. ચલન (ચાલવું) વલન (વળવું. કોઇ કોઇ ઠેકાણે વલનને બદલે ઉત્ક્રમણ એટલે ઉભુ થવું એમ પણ લખે છે) ધાવન (દોડવું) પ્રસારણ (પહોળુ કરવું) અને આકુંચન (સંકોચવું) એ પાંચ તત્વો પવનનાં છે. ક્ષુધા (ભૂખ લાગવી) પીપાસા (તરસ લાગવી) આલસ્ય (આળસ) નિંદ્રા (ઉંઘ) અને કાન્તિ (તેજ) એ પાંચ તત્વો તેજનાં છે શુક્ર (વિર્ય) શોણિત (લોહી) લાલા (લાળ ગળે છે તે) મૂત્ર (પિશાબ) અને સ્વેદ (પસીનો-પરસેવો) એ પાંચ જળરૂપ પ્રસિદ્ધ જણાય છે તે જળનાં તત્વો છે અને અસ્થિ (હાડકાં) માંસ (માંસ) ત્વચા (ચામડી) નાડી (નસો) ને રોમ (રૂવાડાં) એ પાંચ તત્વો પૃથ્વિનાં છે સ્થૂળ દેહના અંતે ઉપર બતાવ્યાં તે પચીસ તત્વો પોત પોતાના કારણ ભૂતોમાં લય પામે છે. અને તેમાંથીજ પાછાં ઉત્પન્ન થાય

છે. તેવા અનુભવ સિદ્ધથી તે તે ભૂતોનાં તે તે તત્વો છે તેમ સિદ્ધ થયું છે હવે તે પચીસ તત્વો ઉપર બતાવેલી પંચીકરણની રીત પ્રમાણે એક એકમાં મળવાથી સ્થૂળ દેહ થયો.

એ પ્રમાણે હે શિષ્ય સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ તેવા ત્રણ દેહો થયા તેમાં સ્થૂળ દેહમાં જ્યાં સુધિ સૂક્ષ્મ દેહ હોય છે ત્યાં સુધિ તે સચેત દેખાય છે અને જો તે ન હોય તો તુર્તજ સ્થૂળ સૂક્ષ્મના વીજોગ રૂપી તેનું મૃત્યુ કહેવાય છે. માટે સ્થૂળમાં સૂક્ષ્મ ને સૂક્ષ્મમાં કારણ તે ત્રણ દેહો પંચ ભૂતથી ઉપજ્યાં હવે કલ્પના આરંભમાં પૂર્વ કર્મોને ભોગવવા માટે મહાકારણ જીવાત્મા પ્રવેશ કરે છે એટલે તર્તજ જડ માયા ચેતન થઇને પોત પોતાનાં કાર્યો કરવા માંડે છે માટે તું તો આત્મા છે, અને તેનાથી જુદો છે તારૂ સ્વરૂપ અમોએ આગળની પહેલી પ્રભામાં વર્ણવ્યું છે તે સિદ્ધ માનવું. સાંભળ હવે આ નિચેની આઠમી પ્રભામાં બીજી પ્રભામાં તેં કરેલી તમામ શંકાઓનાં સમાધાન આપું છું. ઇતિ સપ્તમ પ્રભા.

પ્રભા ૮ મી.

ગુરૂ—હે શિષ્ય આત્મા નિત્ય, નિરાકાર, નિર્ગુણ,

શુદ્ધ, એક ક્ષેત્રજ્ઞ, અધિષ્ટાન અવિકારી, સ્વપ્રકાશ, વિવર્ત ઉપાદાનકારણ, અપરિછિન્ન, વ્યાપક, અસંગી, અકર્ત્તા, સુખરૂપ, અનામી, અવર્ણ, ઈન્દ્રિયાતીત, અવસ્થાતીત, પંચકોષાતીત, દ્વંદ્વાતીત, મુક્ત ને નિર્દેશ છે.

તેને વિષે તેં બીજી પ્રભામાં બહુ શંકાઓ કરી છે. તેનું સમાધાન નિચે પ્રમાણે—

હે ભાઇ માયાનો જે સ્થૂળ દેહ તે સ્થૂળ દેહ રૂપ થઇને આત્માને તેં અનિત્ય કહ્યો પણ તે નિત્ય છે. તેને માટે વેદ ઉપનિષદ ગીતા વિગેરેમાં ઘણા પ્રસિદ્ધ પ્રમાણો છે જ્યારે સ્થૂળ દેહની અંત અવસ્થા આવે છે ત્યારે આપણે પણ કહીએ છીએ કે જીવ છે કે ગયો તેમ પૂછીએ છીએ તે ઉપરથી પણ સિદ્ધ થાય છે કે જાનાર આવનાર આત્મા નિત્ય હોવો જોઇએ. દેહ અનિત્ય છે. હે ભાઈ આત્માને તેં સાકાર કહ્યો તે પણ સ્થૂળ દેહપર દ્રષ્ટિ રાખીને કહ્યો છે પણ તે ખોટુ છે કેમકે સાકાર વસ્તુ તો દ્દશ્યમાન હોય છે એટલે દેખાય છે પણ આત્મા તો દેખાતો નથી માટે તે નિરાકાર છે વળી સ્થૂળ દ્રષ્ટિથી તું પોતાને સાકાર માને છે પણ તેમ નથી કેમકે હું સ્થૂળ દેહ છું એમ કહેવાય નહિ પણ મારો સ્થૂળ દેહ છે એમ કહેવાય છે માટે હું પણાનું અભિમાન રાખનાર તું જીવાત્મા નિરાકાર છે વળી આત્માને તેં સ-

ગુણુ કહ્યો તે પણુ અનાત્મિક એટલે માયીક દ્રષ્ટિ રાખીને કહેલો છે પણુ તેમ નથી આત્મા તો નિર્ગુણુ છે કેમકે ગુણો માયાના છે તેનું ઉપાદાન કારણુ અજ્ઞાન છે તેથી ગુણો પણુ અજ્ઞાનજ છે. ને તેથી દેખાતુ જગત તથા વ્યવહાર તે પણુ અજ્ઞાનજ છે તેથી આત્મા અજ્ઞાન નથી પણુ જ્ઞાન રૂપ છે. માટે તેમાં ગુણુની જરૂર નથી તેથી તેને નિર્ગુણુ કહેલો છે. હે ભાઇ આત્માને તેં મળ મૂત્ર માંસ વાળા સ્થૂળ દેહને લેઈને અશુદ્ધ કહ્યા તે પણુ ખોટુ છે કેમકે મળ મૂત્ર માંસ વાળો સ્થૂળ દેહ છે આત્મા નથી. નિરાકાર વસ્તુ જે આત્મા તેમાં સાકાર વસ્તુઓને સ્પર્શ શી રીતે થાય માટે સર્વ વ્યાપક આત્મા આકાશની પેઠે પોતાના અસંગપણા વડે નિત્ય શુદ્ધ છે. અશુદ્ધ નથી. હે શિષ્ય આત્મા એકજ છે. એવું તેં ન માન્યું અને તેમાં વિવિધ શંકાઓ કરી જે કે સર્વનો આત્મા જો એકજ હોય તો આપણે દરેક જીવોને જન્મ મરણુ, જ્ઞાન અજ્ઞાન તથા સુખ દુઃખ એક સાથેજ ઉત્પન્ન થવાં જોઇએ પણુ તેમ થતુ નથી. એક જન્મે છે ત્યારે એક મરતો હોય છે, એક જ્ઞાની હોય છે ને બીજો અજ્ઞાની હોય છે, એક સુખી હોય છે ને એક દુઃખી હોય છે, તેથી આત્મા એક નથી. પણુ જુદા જુદા છે એવું તેં કહ્યું તે પણુ ખોટું છે. હવે સાંભળ તે શંકાનું સમાધાન

કહું છું—જેમ હજાર ઘટમાં હજાર સુર્ય દેખાય છે પણ સુર્ય તો એકજ છે તેમ સર્વ વ્યાપક શુદ્ધ ચેતનરૂપ આત્મા તો એકજ છે પણ વિવિધ પરીણામી માયાનાં અંતઃકરણ વિવિધ એટલે ઘણાં છે તેને વિશે એકજ આત્માનાં જુદાં જુદાં પ્રતીબિંબ જણાય છે તેને જીવ કહે છે તે જીવો જુદા જુદા પ્રારબ્ધ વાળા હોય છે પણ આત્મા તો એકજ છે જેમ નાના મોટી ઘટના ધર્મો જુદા જુદા છે, તેમ નાના મોટી જીવોના ધર્મ પણ જુદા જુદા હોય છે અને કર્મ પ્રમાણે તેઓનાં પ્રારબ્ધ પણ જુદાં જુદાં હોય છે, તેથીજ એક સ્થૂળ દેહના વિજોગ રૂપી મરતો જણાય છે, અને એક સંજોગ રૂપી જન્મતો જણાય છે, પોતાના પૂર્વ કર્મ પ્રમાણે એક ધનવાન હોય છે ને બીજો નિરધન હોય છે, એક બળવાન હોય છે ને એક નિરબળ હોય છે, એક જ્ઞાની હોય છે ને એક અજ્ઞાની હોય.છે, તેથી આકાશના રંગોની પેઠે વિવિધ પરીણામી માયાના આકારે થયેલા આત્માના પ્રતિબિંબરૂપ જીવો ઘણા છે અને તેઓના બિંબરૂપ આત્મા તો એક જ છે. જેમ એકસોને આઠ મણકા જુદા જુદા હોય છે, પણ તેમાં પરોવાયેલ સુત્ર તો એકજ છે. તેમ૦ વળી હે ભાઈ આત્માને તેં ક્ષેત્ર રૂપ કહ્યો પણ તેમ નથી તે તો ક્ષેત્રજ્ઞ છે. કેમકે જ્યારે ક્ષેત્રજ્ઞ એક દેહ છોડી બીજામાં

પ્રવેશ કરે છે ત્યારે ક્ષેત્ર રૂપ દેહ જડ થઇ જાય છે તેથાં ક્ષેત્રજ્ઞનો સ્વભાવ ચૈતન્ય છે અને ક્ષેત્ર જડ છે. વળી ક્ષેત્રને દુઃખ થવાથી તે જડ જાણી શકે નહિ પણ તેને વિષે રહેલો અહંતા મમતાવાળો ક્ષેત્રજ્ઞ સુખ દુઃખનો અનુભવ કરે છે જેમ ઘર બળવાથી ઘરને દુઃખ થતુ નથી પણ તેમાં મમતાવાળા તેના માલેકને દુઃખ થાય છે. તેમ૦ હે ભાઈ વળી તેં આત્માને અધિષ્ઠાનરૂપ જાણ્યો નહિ પણ તેનો અનુભવ કરીજો, કે માયા તે આત્માના આશ્રયથીજ ચેતન રહે છે, પોતાનો સ્વભાવ તો જડ એટલે અમંગલ છે, તેથી આત્માજ અધિષ્ટાન સ્વરૂપ છે. હે ભાઈ આત્માને તેં વિકારી કહ્યો તે પણ દેહ દ્રષ્ટિથી જ કહેલો છે. પણ તેમ નથી કેમકે જન્મવું, દેખાવું, વધવું, જુવાન થવું, ઘરડું થવું ને નાશ પામવું ઇત્યાદિ છ પ્રકાર દેહને છે આત્માને નથી તે પ્રસિદ્ધજ છે. આત્મા તો નિરાકાર છે. તેથી નિરાકાર વસ્તુને વધ ઘટ ઇત્યાદિ વીકારો હોય નહિ. જેમ કુંભાર ઘટ ઘડે છે ત્યારે પ્રથમ નાનો આકાર કરે છે, પછી ટીપીને મોટો કરે છે, વળી ફુટી જાય છે પણ ખરો તેથી વિકારવાળો ઘડો છે પણ તે ઘટમાં વ્યાપી રહેલુ આકાશ ઘડતાં કાંઇ નાનું મોટું થતું નથી અને ફુટતું પણ નથી, તે તો નિર્વિકાર છે, તેમ દેહમાં રહેલો આત્મા પણ નિર્વિકાર છે માત્ર

અજ્ઞાનથીજ ઘટના આકાશની પેઠે દેહ નાનો મોટો થવાથી તે પણ નાનો મોટો લાગે છે. પણ સ્વરૂપે સર્વદા અવિકારી છે. હે ભાઇ વળી તેં આત્માને પર પ્રકાશ જાણ્યો પણ તેમ નથી. સૂક્ષ્મ દ્રષ્ટિથી વિચાર કરશો તો જણાશે કે અંધારી રાત્રે નિંદ્રામાં જે સ્વપ્ન પ્રાપ્ત થાય છે અને તેમાં વિધવિધનાં કાર્ય કરે છે. રમે છે, જમે છે, તે કયા પ્રકાશથી થાય છે. કેમકે તે વખતે તો સૂર્ય ચંદ્ર કે દીવો કાંઇ હોતુ નથી છતાં મનસ્વી પણે વર્તે છે માટે આત્મા પોતે પ્રકાશ રૂપ છે. વળી તે ન હોય તો આ પ્રકાશ છે આ અંધારૂં છે તેવું કોણ જાણે માટે આત્મા પોતે સ્વપ્રકાશ છે. પર પ્રકાશ નથી તેતો સર્વને એટલે સૂર્ય ચંદ્ર ને પણ પોતે જ પ્રકાશે છે તેવાં ઘણાં પ્રમાણ ઘણા ગ્રંથોમાં છે. માટે આત્માતો સ્વતંત્ર ને સ્વપ્રકાશ છે. હે ભાઇ આત્મા વિવર્ત ઉપાદાન કારણ રૂપ છે તેનો અનુભવ તને થયો નહિ તેનું કારણ પણ અજ્ઞાનજ છે તેથી તું પોતે કારણ રૂપ છતાં કાર્ય ભાવને પામ્યો છે. પણ તેમ નથી ઉપર પ્રમાણે તું માયાનું અધિષ્ટાન હોવાથી કારણ રૂપે છે કાર્ય રૂપ નથી કેમકે તારા શિવાય જડ માયાથી કાંઇ પણ વ્યવહાર થતો નથી. હે ભાઈ તેં આત્માને પરિછિન્ન માન્યો તે પણ ખોટું છે કેમકે ઘટના આકાશની પેઠે આત્મા અપરિછિન્ન એટલે અચળ છે.

હે ભાઇ આત્માને તેં અવ્યાપક જાણીને જે જે શંકાઓ કરી છે તે મિથ્યા કેમકે આત્મા તો સર્વ વ્યાપક છે સર્વાંતરયામી છે પણ જીવ માત્ર જુદા જુદા છે તે પોતે પોતાના અંતઃકરણનીજ વાત જાણી શકે તેથી કરી જીવ સ્વાંતરવ્યાપક છે ને આત્મા સર્વ વ્યાપક છે તે સિદ્ધ થયું. દ્રષ્ટાંતમાં સૂર્ય સર્વ વ્યાપક છે ને પ્રતિબિંબ સ્વઘટ વ્યાપક છે તેમ૦ વળી હે ભાઈ આત્માને તેં સંગી માન્યો તે પણ ખોટું કેમકે નિરાકાર તત્વને કોઇ વસ્તુનો સંગ થતો નથી દાખલા તરીકે આકાશ તે નિરાકાર છે. તેથી જળથી ભીંજાતું પણ નથી અને અગ્નિથી બળતું પણ નથી તેમ શસ્ત્રથી છેદાતું પણ નથી. હે ભાઇ આત્માને તેં કર્ત્તા માન્યો તે પણ ખોટું છે. કેમકે કર્ત્તા ભોક્તા અંતઃકરણ છે આત્મા નથી કદી કોઇ કહેશે કે અંતઃકરણ તો જડ છે તેને કર્ત્તવ્ય ભોક્તવ્યનું ભાન કયાંથી થાય તેનું સમાધાન એ કે અંતઃકરણ એ સત્વ ગુણનું કાર્ય અને અતિ શુદ્ધ છે તેથી તેમાં કુટસ્થ આત્માનું પ્રતિબિંબ પડવાથી તે જ્ઞાનવાન અને ચેતન થએલું છે તે વડે તેને કર્તવ્ય ભોક્તવ્યનું ભાન થાય છે. જેમ અગ્નિની સત્તાથી ઠંડુ લોઢું પણ દઝાડવાને શક્તિમાન થાય છે. જેમ લોહચુંબકની સત્તાથી લોઢાની સોયો જડ છે તથાપી નાચે છે. તેમ ચિદાભાસ સહીત અંતઃકરણ કર્ત્તા ભોક્તા છે અને

આત્મા તો અકર્તા છે.

હે ભાઇ દેહમાં મમતા હોવાથી દેહના દુઃખે દુઃખી ને દેહના સુખે સુખી તેં આત્માને માન્યો તે પણ મિથ્યા છે. કેમકે આત્મા તો અસંગ છે તેથી તેને દેહના સુખ દુઃખનો સ્પર્શ થતો નથી. પણ ચિદાભાસને થાય છે. માટે અસંગ આત્મા તો વિષયજન્ય સુખથી વિલક્ષણ સુખવાળો પોતે પરમાનંદ સ્વરૂપ છે. હે ભાઇ નામ અને વર્ણ દેહની છે આત્માની નથી તેમ નામ અને વર્ણ ચિદાભાસમાં પણ નથી. કેમકે જન્મ થતાંજ કોઇ એમ કહેતુ નથી કે ફલાણા ભાઈ આવ્યા તે તો મહિને કે બે મહિને સ્થૂળ દેહનું નામ પાડે છે. માટે નામ અને વર્ણ દેહમાં છે આત્મામાં નથી. આત્મા અનામી અને અવર્ણ છે.

વળી હે ભાઇ આત્માને તું ઇન્દ્રિય સ્વરૂપ ધારતો હોય તો તે પણ મિથ્યા છે કેમકે ઇન્દ્રિયો આત્મા નથી જો ઇન્દ્રિયો આત્મા હોય તો મરણ સમયે પણ ઇન્દ્રિયો હોય છે તો પણ શરીર જડ થઈ જાય છે માટે તેમ થવું જોઇએ નહિ કેમકે આત્મા તો ચૈતન્ય સ્વભાવ વાળો છે માટે ઇન્દ્રિયો આત્મા નથી તેમ આત્માને ઇન્દ્રિયો પણ નથી પાંચ કર્મેન્દ્રિયો ને પાંચ જ્ઞાનેન્દ્રિયો તે તો સુક્ષ્મ દેહને છે આત્માને નથી માટે આત્મા ઇન્દ્રિયોથી પર

એટલે ઇન્દ્રિયાતીત છે હે ભાઇ જાગ્રત-સ્વપ્ન ને સુષુપ્તિ તે ત્રણ અવસ્થાઓ દેહને છે આત્માને નથી. કેમકે-સુષુપ્તિમાં પણ સ્વપ્ન થાય છે ત્યારે સઘળી વ્યવહાર કૃતિ દેખાય છે તે વખતે સ્થૂળ દેહ ઉંઘે છે. ને જીવ તો જાગતો હોય છે જો જાગતો ન હોય તો સ્વપ્ન કોને થાય માટે સ્થૂળ દેહની જાગ્રદ અવસ્થા સૂક્ષ્મની સ્વપ્ન અવસ્થાને ને કારણની સુષુપ્તિ અસ્વસ્થા તેમ અવસ્થાઓ દેહને છે અને આત્મા તો તેથી પર છે એટલે અવસ્થાતીત છે હે ભાઇ-અન્નમય-પ્રાણમય-મનોમય-વિજ્ઞાનમય ને આનંદમય તે પાંચ કોષ છે કોષ એટલે ઢાંકણુ જેમ તરવારનું ઢાંકણુ મ્યાન હોય છે તેમ આત્માનું ઢાંકણુ કોષ છે. તેથી આત્મા કોષ સ્વરૂપ નથી પણ કોષ તેના વસ્ત્રરૂપ છે. સ્થૂલ દેહ અન્નવડે થએલા વિર્યરજથી બંધાએલો છે અન્નવડે પોષાય છે. અન્નવડે જીવે છે. ને અંતે અન્નમય પૃથ્વીમાં લય પામે છે. તેથી તે અન્નમય કોષ રૂપ છે. પાંચ કર્મેન્દ્રિયોને પાંચ પ્રાણ મળીને પ્રાણમય કોષ કહેવાય છે. બુદ્ધિ અને પાંચ જ્ઞાનેન્દ્રિયો મળીને વિજ્ઞાનમય કોષ કહેવાય છે. મલીન સત્વ અથવા વ્યષ્ટિઅજ્ઞાનરૂપ આનંદમય કોષ્ટ કહેવાય-એ રીતે સ્થૂળ શરીર અન્નમય કોષરૂપે છે. સૂક્ષ્મ શરિરમાં પ્રાણમય મનોમય વિજ્ઞાનમય તે ત્રણ કોષ છે અને કારણ શરીર આનંદમય કોષરૂપ છે માટે

હે ભાઈ. એમાંનો એકે કોષ આત્મામાં નથી આત્માતો તેથી પર એટલે પંચ કોષાતીત નિત્ય શુદ્ધ ને બુદ્ધ છે. વળી હે ભાઇ સુખ દુઃખ ક્ષુધા તર્ષને જન્મ મરણ એ ૭ ઉર્મીઓ રૂપી દ્વંદોને તું આત્મામાં જાણતો હોય તો તે વૃથા છે. કેમકે આત્મા તો તેથી પર છે. અને સુખ દુઃખ એ મનના ધર્મ ક્ષુધા ત્રષ્યા પ્રાણ વાયુના ધર્મ છે અને જન્મ મરણ સ્થુળ દેહના ધર્મ છે આત્માના નથી વળી હે શિષ્ય આત્મા નિરાકાર હોવાથી સર્વદા મુક્ત છે તેમાં કિંચિત પણ બંધ નથી બંધ માત્ર અંતઃકરણમાં પડેલા ચિદાભાસને છે તે પણ વાસ્તવિક નથી કેમકે જો વાસ્તવિક હોય તો મુક્ત થવાની આશા રહે નહિ અને જ્ઞાનનું પ્રયોજન રહે નહિ માટે સ્વપ્નના વિલાસની પેઠે મીથ્યા છે. જયાં સુધિ સ્વપ્ન રહે છે ત્યાં સુધિ જેમ તેના વિલાસનો સાચોજ અનુભવ પ્રત્યક્ષ રીતે થાય છે. અને જ્ઞાનરૂપ જાગ્રદ અવસ્થામાં નાશ પામે છે. માટે બંધ તે વાસ્તવિક નથી પણ સ્વપ્નની પેઠે મીથ્યા છે. શિષ્ય કહે છે હે મહારાજ જો બંધ વાસ્તવિક ન હોય અને સ્વપ્નની પેઠે મિથ્યા હોય તો પછી જ્ઞાન મેળવવાની શી જરૂર રહે—કેમકે તેનો સમય થશે કે તુરતજ તે આપો આપ નાશ પામશે તો પછી વેદાધ્યયન કે શ્રવણ મનન કરવાનું પ્રયોજન શું તે કહો—ગુરૂ કહે છે હે શિ-

ષ્ય તારૂં બોલવું સત્ય છે પણ તે અનુભવ રહિત છે કેમકે ઉપરતો આપણે કહી ગયા કે અજ્ઞાનરૂપી સ્વપ્ન અવસ્થા અને જ્ઞાનરૂપી જાગ્રદ અવસ્થા છે તેટલામાંજ સમજી જા. ભાવાર્થ એ છે કે જ્ઞાન મેળવ્યા શિવાય એ અજ્ઞાનરૂપ સ્વપ્ન નિવ્રત્તિ થાય તેમ નથી માટે જ્યારે ત્યારે પણ જ્ઞાન મેળવવાની જરૂરજ છે વળી કેમકે દેહોને જેમ જાગ્રત સ્વપ્ન ને સુષુપ્તિનો નિયમિત કાળ છે તેવો તેમાં નથી વળી હે ભાઇ સ્વપ્ન જેમ મિથ્યા છે તથાપી તેના ભયવડે સૂઈ રહેતાં ઇશ્વર સ્મરણ કે કોઈ કોઈ અ-નુષ્ટાન કરવામાં આવે છે તો પછી આ અનાદી કાળથી આવેલા મહાન સ્વપ્નની નિવૃતિ કરવા અનેક ઉપાયો કેમ નહિ શોધવા અવષ્ય શોધવાજ માટે હે ભાઈ જ્ઞાન મેળવવાની જરૂર છે. હે શિષ્ય વળી આત્માને તેં દેશી ધાર્યો તે પણ મિથ્યા છે કેમકે તે અપાર ને અનંત છે. અને દેશીતો પારવાળો તથા અંતવાળો હોવો જોઇએ કેમકે સાકાર વસ્તુજ દેશી હોય નિરાકાર વસ્તુ તો નિર્દે-શ છે અને સાકાર વસ્તુને તો જન્મવું મરવું વધવું ઘટવું ઇત્યાદિ છ દોષ લાગે છે અને આત્મા તો નિરાકાર હો-વાથી નિર્દેશ છે માટે તે દેશવાળો નથી પણ સર્વ વ્યાપક એટલે નિર્દેશ સ્વરૂપ છે એ રીતે હે ભાઇ આ આઠમી પ્રશ્નામાં તારી તમામ શંકાઓનાં સમાધાન કર્યાં

છે હવે જીવ કુટસ્થ ઇશ્વરને બ્રહ્મ કોને કહેવા તેની સ્પષ્ટ સમજુતિ આ નિચેની પ્રભામાં આપું છું જેથી તારા સઘળા સંદેહ દુર થશે ઇતિ.

પ્રભા ૯ મી.

મહાત્મા—હે મુમુક્ષો એક વર્ણમાં જેમ બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય અને શુદ્ર તેવા ચાર ભાગ છે એક વેદમાં જેમ રૂગ્વેદ યજુર વેદ શામવેદ અથર્વવેદ તેવા ચાર ભાગ છે, તેમ એક આકાશમાં જેમ મહાકાશ મેઘાકાશ જલાકાશ ને ઘટાકાશ એવા ચાર ભાગ છે તેવી રીતે એક બ્રહ્મ ચેતનમાં પણ કુટસ્થ જીવ ઇશ્વર ને બ્રહ્મ તેવા ચાર ભાગ છે. તેનું વર્ણન નીચે પ્રમાણે જેમ જળમાં ઘટમાં વાદળમાં ને બહાર વ્યાપક આકાશ એક રૂપ ને એકજ છે તેમ બ્રહ્માંડની અંદરને બહાર વ્યાપક બ્રહ્મ ચેતન એક જ છે વિવેચન-બ્રહ્માંડની અંદરને બહાર મહાકાશની પેઠે ભરપુર ચેતન જે છે તેને બ્રહ્મ કહે છે આ બ્રહ્મ નિકટ પણ ન કહેવાય તેમ દુર પણ ન કહેવાય કેમકે જે વસ્તુ પોતાથી ભીન્ન હોય અને દેશરૂપ ઉપાધીવાળી હોય તે નિકટ અને દુર કહી શકાય પણ બ્રહ્મ ભીન્ન નથી તેતો સર્વના આત્મા છે અને દેશાદીક સર્વ ઉપાધીથી

રહીત છે તેથી નિકટ પણ નહી ને દુર પણ નહી યદ્યપી બ્રહ્મ શબ્દનો વાચ્યાર્થ સોપાધીક છે કેમકે વ્યાપક વસ્તુનું નામ બ્રહ્મ છે તેથી સોપાધીક લાગે પણ વ્યાપકતા બે પ્રકારની છે એક તો અપેક્ષીક વ્યાપકતા ને બીજી નિરપેક્ષીક વ્યાપકતા જે વસ્તુ કોઇ પદાર્થની અપેક્ષાથી વ્યાપક હોય ને કોઈ પદાર્થની અપેક્ષાથી વ્યાપક ન હોય તેને વિશે અપેક્ષીક વ્યાપકતા કહેવાય છે. જેમ પૃથ્વિ વિગેરેની અપેક્ષાથી માયા વ્યાપક છે. અને ચેતનની અપેક્ષાથી નહીં તેથી માયા વિષે અપેક્ષિક વ્યાપકતા કહેવાય અને જે વસ્તુ સર્વની અપેક્ષાથી વ્યાપક હોય તેને વિષે નિરપેક્ષિક વ્યાપકતા કહેવાય તેવી નિરપેક્ષિક વ્યાપકતા ચેતન વિષે છે કેમકે ચેતનના સમાન અથવા ચેતનથી અધિક બીજી કોઇ વસ્તુ વ્યાપક નથી માત્ર એક બ્રહ્મજ સર્વ વ્યાપક છે તેથી ચેતન વિષે નિરપેક્ષિક વ્યાપકતા જાણવી આથી શુદ્ધ ચેતન નિરૂપાધિક છે. આ બે પ્રકારની વ્યાપકતા માયા વિશિષ્ટ (ઇશ્વર) વિષે છે. કેમકે વિશિષ્ટ વિષે જે માયા અંશ છે તેને વિષે અપેક્ષિક વ્યાપક્તા જાણવી અને ચેતન અંશ વિષે નિરપેક્ષિક વ્યાપકતા જાણવી યદ્યપી માયા વિશિષ્ટ ચેતન વિષે નિરપેક્ષિક વ્યાપકતા બને નહિ કેમકે માયા ચેતનના એક દેશમાં છે તે માયા વિશિષ્ટ ચેતનથી શુદ્ધ ચેતનની વ્યા-

પકતા અધિક છે તેથી શુદ્ધ ચેતન વિષે નિરપેક્ષિક વ્યાપકતા છે જો પરમાર્થ દૃષ્ટિથી જોઈએ તો તોમાયા વિશિષ્ટ ચેતન પણ શુદ્ધ ચેતનથી બીજા નથી પણ શુદ્ધ રૂપજ છે તેથી માયા વિશીષ્ટ વાંશે પણ જે ચેતન અંશ છે તેને વિષે નિરપેક્ષિક વ્યાપકતા છે. એવી રીતે માયા વિશીષ્ટ ચેતન બ્રહ્મ શબ્દનો વાચ્યાર્થ બને છે, અને શુદ્ધ ચેતન બ્રહ્મ શબ્દનો લક્ષ્યાર્થ છે તેની સ્પષ્ટ સમજુતી લેવા સારૂ માયા વિશીષ્ટ ચેતનને (ઈશ્વરને) શુદ્ધ ચેતન તથા બ્રહ્મ કહ્યા છે. પણ તે બેનો અર્થ એકજ છે બીજા નથી જે બહુ સ્થાનોમાં લક્ષ અર્થને બોધન કરે અને કોઈ સ્થાનમાં વાચ્યાર્થને બોધન કરે તે બ્રહ્મ કહેવાય અને જે બહુ સ્થાનોમાં વાચ્ય અર્થને બોધન કરે તે ઇશ્વર કહેવાય છે. એ પ્રમાણે હે શિષ્ય મેં તને નિરૂપાધિક શુદ્ધ બ્રહ્મ ચેતનની સમજુતિ આપી હવે ઇશ્વર કોને કહેવા તેનું સ્પષ્ટ વિવેચન કરૂછું તે સાંભળ—

મેઘ એટલે જે વાદળ તેને જે આકાશ અવકાશ આપે છે તે અને તે મેઘના જળમાં જે આકાશનું પ્રતિબીંબ છે તે એ બન્ને મળીને મેઘાકાશ કહેવાય છે. તેમ માયાને વિષે જે ચેતનની છાયા એટલે આભાસ અને માયાનું અધિષ્ટાન ચેતન એ બે મળીને ઇશ્વર કહેવાય છે. આ ઇશ્વર સર્વના અંદરમાં પ્રેરણા કરનારો છે તેથી અંતર-

યામી કહેવાય છે તે સદા મુક્ત છે કેમકે જેને પોતાના સ્વરૂપમાં આવરણ નથી અને તેથી જન્મ મરણની પ્રતીતી પણ નથી તેથી તે નિત્ય મુક્ત છે. વળી તે સર્વ પદાર્થને જાણવા વાળો છે. તેથી તે સર્વજ્ઞ છે તેનો હેતુ એ છે કે માયા વિષે શુદ્ધ સત્વગુણ છે. તમોગુણ રજોગુણથી દબાયેલો નહિ પણ તમોગુણ રજોગુણને દાબીને રહેલો શુદ્ધ સત્વગુણ કહેવાય છે તે સત્વગુણથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે માટે તે સત્વગુણ પ્રકાશ સ્વભાવવાળો છે. એવી સત્વગુણવાળી માયાને વિષે જે ચેતનનો આભાસ તેને સ્વરૂપ વિષે કે બીજા પદાર્થો વિષે આવરણ (અજ્ઞાન) સંભવે નહી તેથી તે મુક્ત ને સર્વજ્ઞ છે અધિષ્ઠાન જે શુદ્ધ ચેતન છે તેતો જીવ અને ઈશ્વર એ બે વિષે બંધ મોક્ષ ભયથી રહિત છે આકાશની પેઠે એક રસ છે. પરંતુ આભાસ અંશ વિષે બંધ મોક્ષ છે. અધિષ્ટાન વિષે નહિ અધિષ્ટાન વિષે જે બંધ મોક્ષ પ્રતીત થાય છે તે આભાસ ભ્રાંતિથી થાય છે, પણ બંધ મોક્ષ તો કેવળ આભાસ વિષે છે. તે વિષે પણ એટલો ભેદ છે જે જે આભાસમાં આવરણ છે તેને વિષે બંધ છે જે આભાસમાં સ્વરૂપનું આવરણ નથી તેને વિષે બંધ નથી તેતો મુક્ત છે. માટે ઈશ્વરમાં આવરણ નથી તેથી તે સદા મુક્ત છે. અને જીવ વિષે આ-

વરણુ છે તેથી તે બંધ છે. કેમકે અવિદ્યાના અંશમાં ચેતનનો જે આભાસ તેને જીવ કહ્યો તે અવિદ્યાનો આવરણુ કરવાનો સ્વભાવ છે યદ્યપી અવિદ્યા (અજ્ઞાન) ને માયા એ એકજ વસ્તુ છે. તથાપી શુદ્ધ સત્વગુણુની પ્રધાનતાથી માયા કહી ને રજોગુણુ તમોગુણુથી દબાયેલો જે સત્વ ગુણુ તે મલીન સત્વ ગુણુ કહેવાય છે તેથી તમોગુણુ અને રજોગુણુની અધિકતાથી તે અવિદ્યામાં જે જીવનો આભાસ અંશ તેને અવિદ્યા સ્વરૂપ આવરણુ કહે છે. તેથી જીવમાં બંધ છે ઇશ્વરમાં નહિ—

આ ઇશ્વર, પોતાના શરીરને અણું જેટલુ સુક્ષ્મ કરી દેવાનું સામર્થ તે અણિમાસિદ્ધિ પોતાના શરીરને પર્વત જેવડું મોટું કરી દેવાનું સામર્થ તે મહિમા સિદ્ધિ પોતાના શરીરને રૂજેવું હલકું કરી દેવાનું સામર્થ્ય તે લઘિમા સિદ્ધિ પોતાના શરીરને પર્વત જેવું ભારે કરી દેવાનું સામર્થ તે ગરિમા સિદ્ધિ અત્યંત દૂર રહેલા પદાર્થોને સમીપ કરી દેવાનું સામર્થ તે પ્રાપ્તિ સિદ્ધિ ભૂતોના સ્વાભાવિક ધર્મોથી ઇચ્છાનો અભિઘાત ન થાય એવું સામર્થ તે પ્રાકામ્ય સિદ્ધિ ભૂત ભૌતિક પદાર્થોને ઇચ્છાનુંસાર સ્થાપન કરવાનું સામર્થ તે વશિતાસિદ્ધિ અને મૂળ પ્રકૃતિના જયથી ઇચ્છાનુંસાર ભૂત ભૌતિક પદાર્થોને ઉત્પન્ન કરવાનું સ્થિત કરવાનું તથા લય કરવાનું સામર્થ તે ઇશિતા

સિદ્ધિ એવી આઠ સિદ્ધિયોના સમૂહરૂપ-સમ્પૂર્ણ ઐશ્વર્ય, સંપૂર્ણ ધર્મ, સમ્પૂર્ણ યશ, સમ્પૂર્ણ શ્રી, સંમ્પૂર્ણ જ્ઞાન, ને સંપૂર્ણ વૈરાગ્ય એવા છ ભગવાળો હોવાથી ભગવાન પણ કહેવાય છે અને તેમનામાં (૧) પ્રાણી પદાર્થની ઉત્પત્તિનું (૨) તેમના નાશનું (૩) તેમની પરલોકમાં ગતિનું (૪) તેમની પરલોકમાંથી આ લોકમાં આગતિનું (૫) વિદ્યાના સ્વરૂપનું (૬) ને અવિદ્યાના સ્વરૂપનું એવાં છ સમ્પૂર્ણ જ્ઞાન રહેલાં છે તેથી તે ઈશ્વર કહેવાય છે. વેદમાંના તત્વોપદેશકારક ચાર મહાવાકય છે. જે કે ઋગ્વેદની ઐતરેય ઉપનિષદનું મહાવાકય प्रज्ञानंब्रह्म (જીવ બ્રહ્મ છે) યજુર્વેદની બ્રહદારણ્યક ઉપનિષદનું મહાવાક્ય अहंब्रह्मास्मि (હું બ્રહ્મ છું) શામવેદના છાંદોગ્ય ઉપનિષદનું મહાવાક્ય तत्वमसि (તે તું છે) ને અથર્વ વેદની માંડુક્ય ઉપનિષદનું મહાવાક્ય अयमात्मा ब्रह्म (આ આત્મા બ્રહ્મ છે) તેવાં ચાર મહાવાકય છે તેમાંના તત્વોપદેશનું મહાવાકય જે तत्वमसि (तत्-તે-(ઈશ્વર) त्वम्-તું-(જીવ) असि (છે) તે મહાવાકયના ઉપદેશ પ્રમાણે ઈશ્વર છે તે તત્ પદનો વાચ્ય છે ને કેવલ અધિષ્ટાન શુદ્ધ ચેતન તત્ પદનો લક્ષ્ય છે તેમ જાણવું હે ભાઇ-જે ઈશ્વર છે તે જગત્‌ની ઉત્પત્તિ સ્થિતિ ને સંહાર કરે છે એવું સર્વ શાસ્ત્રોમાં કહ્યું છે તેનો અભિપ્રાય એ છે કે ચેતન અંશતો આકા-

શની પેઠે અસંગ છે અને આભાસ અંશ જગતની ઉત્પત્તિ આદિ કરે છે તેને વિષે સર્વજ્ઞતાદિ ગુણો છે. વળી ભક્તજન ઉપર કૃપા કરી અવતાર ધારણ કરે છે ઇત્યાદિ ઐશ્વર્ય આભાસ અંશ (ઇશ્વર) વિષે છે અને ચેતન એક રસ છે તેને વિષે સત્તા સ્ફુર્તિ દેવાનું ઐશ્વર્ય છે બીજુ નહિ.

હે શિષ્ય સાંભળ હવે તને કુટસ્થ કોને કહે છે તે કહું

જેમ જલ પુરેલા ઘટને જેટલું આકાશ અવકાશ આપે છે તેને ઘટાકાશ કહે છે તેમ બુદ્ધિ અથવા વ્યષ્ટિ અજ્ઞાનને અવકાશ આપનાર તેના અધિષ્ટાન રૂપ જે ચેતન છે તેને કુટસ્થ કહે છે.

જે પક્ષમાં બુદ્ધિ સહિત ચેતન જીવ છે તે પક્ષમાં બુદ્ધિનું અધિષ્ટાન કુટસ્થ કહેવાયે અને જે પક્ષમાં વ્યષ્ટિ અજ્ઞાનનું જે અધિષ્ટાન છે તે પણ કુટસ્થ કહેવાય છે આ સ્થાનમાં સિદ્ધાંત એ છે જે જીવપણાનું જે વિશેષણ છે તેના અધિષ્ઠાનનુ નામ કૂટસ્થ કહે છે. તે કૂટસ્થ અજન્ય છે એટલે ઉત્પત્તિથી રહિત છે તેનો અભિપ્રાય એ છે કે બ્રહ્મથી ન્યારો જેમ ચિદાભાન ઉત્પન્ન થાય છે તેમ તે ઉત્પન્ન થતુ નથી પણ બ્રહ્મરૂપજ છે. જેમ ઘટાકાશ મહાકાશથી ન્યારૂ નથી પણ એક રૂપજ છે તેમ

જે કૂટસ્થ છે તે આત્મપદનો લક્ષ્યાર્થ છે તેને પ્રત્યક્ પણ કહે છે વળી જીવ સાક્ષી "સ્વસ્વરૂપ" ઈત્યાદિ નામો છે.

હવે જીવનું વર્ણન કરૂં છું.

નાના પ્રકારનાં કામ્ય અને કર્મ સહિત જે બુદ્ધિ વા અંતઃકરણ છે તેને વિષે જે ચેતનનું પ્રતિબીંબ છે તે જીવ કહેવાય છે–તે કેવલ પ્રતિબીંબ માત્રને જીવ કહેવાય નહિ, જેમ જલ પુરિત ઘટને જે આકાશે અવકાશ આપ્યો છે તે અને તે જલમાં પડેલું નક્ષત્રાદિ સહિત આકાશનું પ્રતિબીંબ તે બંન્ને મળીને જળાકાશ કહેવાય છ. તેમ સબીંબ પ્રતિબીંબને એટલે કૂટસ્થ સહિત બુદ્ધિમાં પડેલા ચીદાભાસને જીવ કહે છે. એટલે એ સિદ્ધાંત થયો કે–વ્યષ્ટિ અવિદ્યા વ્યષ્ટિ અવિદ્યામાં પડેલું ચેતનનું પ્રતિબીંબ અને તેનું અધિષ્ટાન કૂટસ્થ ચેતન તે ત્રણ મળીને જીવ કહેયાય છે. આમાં અધિષ્ટાન અને બીંબરૂપ કૂટસ્થને કહ્યું તેનું કારણ એ છે કે જે બુદ્ધિમાં પ્રતિબીંબ છે તે કુટસ્થનું છે બહારના ચેતનનું નહિ તેટલા માટે કૂટસ્થને બીંબ કહ્યું–જેમ લાલ પૂષ્પના ઉપર ધોળો સ્ફટિક ધરીયે તેને વિષે લાલ પુષ્પની દમક પડે છે તે લાલ પુષ્પને બીંબ કહેવાય ને તેની દમકને પ્રતિબીંબ કહેવાય. તેમ કૂટશથને આશ્રીત જે અંતઃકરણ તે અત્યંત ઉજ્વલ છે કેમકે તે સત્વગુણનું

કાર્ય છે તેથી તેમાં કૂટસ્થનું પ્રતિબીંબ પડે છે તેને જીવ કહે છે. કદી કોઇ કહેશે કે નિરાકાર ચેતનનું પ્રતિબીંબ કેવી રીતે પડે તેનું સમાધાન એ કે આકાર પદાર્થનુંજ પ્રતિબીંબ પડે એવો કોઇ નિયમ નથી–કેમકે–રૂપ રહિત શબ્દનું રૂપ રહિત આકાશમાં પ્રતિબીંબ પડે છે તે પ્રસિદ્ધજ છે. તેથી કૂટસ્થનું પ્રતિબીંબ પડે છે એમ સિદ્ધ થયું આ જીવ त्वम પદનો વાચ્ય છે અને લક્ષ્ય કૂટસ્થ છે વળી अहं શબ્દનો વાચ્ય પણ જીવ છે અને કૂટસ્થ લક્ષ્ય છે.

જીવ નામ ચિદાભાસ અને કૂટસ્થ એ બેનુ છે. તથાપિ જીવપણાનો ધર્મ કેવળ આભાસ વિષે છે. કૂટસ્થ વિષે નહિ, પુણ્ય–પાપ અને તેના ફલરૂપ સુખ દુઃખ અને લોકાંતરમાં ગમન અને આલોકે આગમન વિગેરે વિગેરે આભાસ સહિત બુદ્ધિ કરે છે. કૂટસ્થ વિષે નહિ. કેવળ બુદ્ધિમાં છે. આભાસમાં પણ નહિ, પણ ભ્રાંતિથી ભાસે છે. ભ્રાન્તિથી પ્રતિત પણ બુદ્ધિ સહિત આભાસને થાય છે. કૂટસ્થને નહીં. કેમકે કૂટ કહેતાં જે લુહારની એરન તેની પેઠે નિર્વિકાર રૂપથી સ્થિત થાય. તે કૂટસ્થ કહેવાય અને કૂટ કહેતાં મિથ્યા જે બુદ્ધિ અને ચિદાભાસ તેને વિષે અસંગ રૂપથી સ્થિત હોય તે કૂટસ્થ કહેવાય છે. તેથી કુટસ્થ અસંગ છે. માટે ભ્રાંતિ

વિગેરે તેમાં બને નહિ. કદી અત્યંત વિચારથી જોઇએ તો પુણ્ય-પાપ-સુખ-દુઃખ-ગમન આગમન વિગેરે કેવળ બુદ્ધિના સંયોગથી આભાસમાં લાગે છે. જેમ જળ સહિત ઘટ હોય. તે વાંકો થાય. સિધો થાય કે જાય આવે એટલે તેના સંબંધથી અસંગ આકાશ પણ વાંકુ સિધુ ને જતું આવતું ભાસે છે. તેવી સમ્પૂર્ણ ક્રિયા દેખાય છે-પણ સ્વતંત્ર કાંઇ કરી શકતું નથી. તેથી આકાશ તે નિર્વિકાર છે. તેમ ચિદાભાસ પણ નિર્વિકાર છે. છતાં બુદ્ધિના સંયોગથી ક્રિયા કરતા જીવને કહ્યો છે. આ જીવ અવિદ્યા વશ હોવાથી તે અલ્પજ્ઞ અલ્પશક્તિમાન પરિછિન્ન ને પરતંત્ર છે અને ઈશ્વર અસંગ હોવાથી સર્વજ્ઞ સર્વ શક્તિમાન અપરિછિન્ન ને સ્વતંત્ર છે આ જીવની ૧ અજ્ઞાન (હું બ્રહ્મને જાણતો નથી એવી સમજ) ૨ આવરણ (બ્રહ્મ નથી અને તે પ્રતિત થતું નથી એવી સમજ) ૩ ભ્રાન્તિ (દેહાદિમાં હું પણાનું જ્ઞાન અને જગતમાં સત્યપણાની સમજ) ૪ પરોક્ષ જ્ઞાન (ગુરૂ અને શાસ્ત્રથી બ્રહ્મ છે એમ જાણવું તે) ૫ અપરોક્ષ જ્ઞાન (હું બ્રહ્મછું એમ અપરોક્ષ જાણવું તે.) ૬ શોકનાશ કે ભ્રાંતિનાશ (મારા બ્રહ્મ સ્વરૂપમાં શોક દુઃખાદિ નથી એવી સમજ) ૭ ને અતિહર્ષ (બ્રહ્મસ્વરૂપના જ્ઞાનથી જે નિરંકુશ ત્રપ્તિ ઉપજે તે) ઈત્યાદિ સાત અવસ્થાઓ છે.

ગુરૂ—હે શિષ્ય એવી રીતે આ નવમી પ્રભામાં મ્હેં તને ૧ બ્રહ્મ ૨ ઈશ્વર ૩ કૂટસ્થ ને ૪ જીવ તેની યથાર્થ સમજ આપી તેનું ટુંક રૂપાંતર નિચે પ્રમાણે.

આ બ્રહ્માન્ડની અંદર અને બહાર સર્વના અધિષ્ટાન રૂપ જે ચેતન વ્યાપી રહ્યું છે તે બ્રહ્મ કહેવાય છે.

માયા અને માયામાં પડેલું ચેતનનું પ્રતિબીંબ અને માયાનુ અધિષ્ટાન ચેતન તે ત્રણુ મળીને ઈશ્વર કહેવાયછે.

પિંડ બ્રહ્માન્ડમાં નખથી શિખા સુધિ વ્યાપી રહેલું અસંગ ચેતન કુટસ્થ કહેવાય છે અને વ્યષ્ટિ અવિદ્યા (અવિદ્યાનો અંશ) વ્યષ્ટિ અવિદ્યામાં પડેલું ચેતનનું પ્રતિબીંબ અને વ્યષ્ટિ અવિદ્યાનું અધિષ્ટાન કુટસ્થ ચેતન તે ત્રણુ મળીને જીવ કહેવાય છે.

હે ભાઇ ? જીવનો ઉપાધિ અવિદ્યા અને ઇશ્વરનો ઉપાધિ માયા છે. જેમ નદીમાં જળ ભરીને મૂકેલા ઘટમાંના જળનો નદીના જળથી ભેદ કયાં સુધિ છે કે પોતાને ઘટરૂપ ઉપાધિ છે ત્યાં સુધિ પછી ઘટ ઉપાધિ નષ્ટ થયે એટલે ઘટ ફુટે ઘટના જળનો ને નદીના જળનો અભેદ સિદ્ધ થાય છે. તેમ જીવનો ઉપાધિ જે અજ્ઞાન તે નષ્ટ થયે તેનો કુટસ્થ ચેતન સાથે અભેદ થાય છે. આ કૂટસ્થ ચેતન ઇશ્વરથી સર્વદા અભેદજ છે ભિન્ન નથી તેમ ઇશ્વર અને બ્રહ્મ એ બેમાં પણુ કાંઇ જુદાપણું નથી

કિન્તુ એકજ રૂપ છે તેથી શ્રુતિ કહે છે કે सर्वखल्विदं ब्रह्म અર્થ-આ સર્વ બ્રહ્મ છે એમ સિદ્ધ થયું કેમકે માયાનો લય અજ્ઞાનમાં અજ્ઞાનનો લય જ્ઞાનમાં ને જ્ઞાનનો લય બ્રહ્મમાં તેથી આ સર્વ બ્રહ્મજ છે " ઇતિ નવમ પ્રભાયામ્

પ્રભા ૧૦ મી.

શિષ્ય.—હે ગુરૂદેવ ! આપે જીવ બ્રહ્મની એકતાનો જે ઉપદેશ કર્યો તે વડે કરીને મારા સઘળા સંદેહની નિવૃતિ થઈ, હવે કૃપા કરીને મારી ચાર શંકાઓનું સમાધાન આપો.

તે ચાર શંકાઓ ક્રમ પૂર્વક નિચે પ્રમાણે.

શંકા ૧. ઇશ્વરને સાકાર કહેવા કે નિરાકાર ? જો સાકાર કહેશો તો તેમને जायते (જન્મવું) अस्ति (દેખાવું) वर्द्धते (વધવું) विप्रीणमते (જુવાન થવું) अपाक्षियते (વૃદ્ધ થવું) ને विनश्यति (નાશ પામવું) ઇ૦ છ વિકાર લાગશે. અને ઇશ્વર તો નિર્વિકાર છે. તેનુ કેમ ?

વળી તે સાકાર હોવાથી સર્વ વ્યાપક ઠરશે નહિં પરંચ એક દેશી ઠરશે તેથી કરી તેમનામાં અંતરયામી

પણું સંભવશે નહિ માટે તે સાકાર નથી. તે સિદ્ધ છે.

જો નિરાકાર કહેશો તો એવી શંકા ઉપસ્થિત થશે કે જેનો આકાર નથી તે નિરાકાર કહેવાય. જ્યારે આકારજ નથી. ત્યારે જોયા શિવાય ઇશ્વર છે. તેવું સિદ્ધ શી રીતે થાય તે કૃપા કરીને કહો ?

સમાધાન—હે ભાઈ ઇશ્વર ચેતન નિરાકાર છે સાકાર નથી કેમકે સાકાર કહીએ તો સર્વ વ્યાપક ઠરે નહિ તેથી અલ્પજ્ઞ કહેવાય ને વળી છ વિકારિ ઠરે માટે સાકાર નથી પણ નિરાકાર છે. તેં નિરાકારમાં જે શંકા કરી કે જોયા વિના છે તેવું શી રીતે સિદ્ધ થાય તેને માટે વિચારી જુઓ કે જેમ તેજ ને આકાશ વિગેરે નિરાકાર છે છતાં છે તેવું સિદ્ધ થયું છે તેમ ઇશ્વર પણ નિરાકાર છે ને છે તેમ સિદ્ધ થાય છે.

શંકા ૨ ઇશ્વર ચેતન વ્યાપક છે ન્યારા ? જો વ્યાપક કહીએ તો જળમાં સ્થળમાં સ્વર્ગમાં નર્કમાં સઘળે વ્યાપક હોવા જોઇએ તો તેમાં શંકા-જો ઇશ્વર જળમાં વ્યાપક હોય તો તે જળથી જુદા અક્ષાલ્ય થાય નહિ સ્થળમાં વ્યાપક કહીએ તો તે સ્થળ ઉપર મૂત્રોત્સર્ગ, કે વિસર્ગ (મળત્યાગ) થાય નહિ વળી તેમને નર્કમાં વ્યાપક કેમ કહેવાય માટે વ્યાપક ઠરતા નથી વળી જો ન્યારા કહીએ તો તેમાં અંતરયામીપણું સંભવતું નથી

માટે ન્યારા પણ નથી૦ સમાધાન૦ હે ભાઇ ? ઇશ્વર ન્યારા નથી પણ સઘળે વ્યાપક છે. તે એવી રીતે કે આકાશ જેમ સર્વ વ્યાપક છે. અને તેને કોઇ વસ્તુનો લેપ થતો નથી તેમ ઇશ્વર પણ અસંગ રીતે સર્વ વ્યાપક છે તેથી તે પણ કોઇથી લેપાતા નથી એટલે તેમાં જેટલી શંકાઓ કરીએ તેટલી નિરર્થક છે.

શંકા. ૩ હે મહારાજ વ્યાપક ચેતન સગુણ છે કે નિર્ગુણ ?

જો નિર્ગુણ એટલે ગુણ વગરનું કહો તો તે જડ ઠરશે અને સગુણ એટલે સત્વ–રજ ને તમ માયાના તે ત્રણ ગુણોવાળા કહેશો તો વેદમાં તેમને માયાતીત એટલે માયાથી પર રહેલા પરબ્રહ્મ નામે કહેલા છે. તે બનશે નહિ કેમકે ગુણો માયાના છે તેથી સગુણ પુરૂષ તો માયાવી કહેવાય માયાતીત કહેવાય નહિ. સમાધાન ૩ હે ભાઇ શુદ્ધ ચેતન સગુણ નથી. તે તો મન વાણીથી પણ પર છે. તેમને મન કે વાણી વિષય કરી શકતાં નથી. જો સગુણ કહીએ તો સાકારને વિકારી ઠરે માટે તે સગુણ નથી પણ નિર્ગુણ છે. કેમકે ગુણો અને ગુણથી ઉપજતાં માયાનાં તમામ કાર્યો ક્ષણિક આયુષ્યવાળાં એટલે ચળ છે. તેથી તેમને તેવા ગુણોની કાંઇ જરૂર નથી તેતો અચળને પરમાનંદ સ્વરૂપ છે. જેઓને તેમના અચળાનંદ

પદનો અનુભવ થયો નથી. તેવા જડ બુદ્ધિવાળા તેમને જડ ધારે કેમકે માયાના દુઃખદાયક ક્ષણિક સુખથી તે વિલક્ષણ સુખવાળા છે. એટલે મંદ મતિના અનુભવમાં શી રીતે આવે? તેતો નિર્ગુણ છે એક રીતે ઇશ્વર ચેતન સગુણ પદ ધરાવે છે. તે પણ સ્વપ્નની લીલા સમ અસંગ રીતે રહે છે. જો તેમ ન હોય તો કાળે કરી તેમનો પણ નાશ થવો જોઈએ. માટે તે પણ સગુણ છતાં નિર્ગુ-ણ-ને નિર્ગુણ છતાં સગુણ જેવા ભાસે છે.

શંકા. ૪ હે ગુરૂવર્ય ? ઇશ્વર તે સર્વ લોકના અ-ધિપતિ સર્વજ્ઞ સર્વ શક્તિમાન સ્વતંત્ર ને અપરિચ્છિન્ન એવી મહાન સત્તાવાળા છે. એવું મ્હેં સાંભળ્યું હવે કૃપા કરી કહો કે તેઓ આ જગતના કર્તા હશે કે કેમ? કેટલાક લોકો કહે છે કે આ જગત ઈશ્વરે રચ્યું છે, અને કેટલાક કહે છે કે તેતો અનાદિ કાળનુ છે. ઈશ્વરે રચ્યું નથી. એવા બે મત છે માટે તેનું યથાર્થ સમાધાન આપો?

મહાત્મા—હે મુમુક્ષુઃ આ જગત ઇશ્વરે બનાવ્યું છે કે બીજા કોઇએ અને તે કયારનું ને શા માટે ઉપ-જ્યુ છે? એવા પ્રશ્નો ઉત્તમ જીજ્ઞાસુએ પૂછવા યોગ્ય નથી કેમકે એક માણુસ નદીના પૂરમાં તણાયો છે, તે વખતે તેને આનદીની કયા પર્વતોમાંથી કેવી રીતે કયારે ને શામાટે ઉત્પત્તિ થઈ હશે. એવા વિચારો કરવા ઉપયોગી

છે. કે કાંઠા ભણી બહાર નિકળવા પ્રયત્ન કરવો ઉપયોગી છે ? એક માણસને માર્ગમાં જતાં ઝેરી કાંટો વાગ્યો. તે વખતે તેને આ કાંટો શાનો. કયાંથી. કોણે. કયારે લાવી નાખ્યો હશે. એવા વિચારો કરવા ઉપયોગી છે કે તુરત પગમાં ઝેર ન પ્રસરવા દેતાં તેને કાઢી નાખવો ઉપયોગી છે. ? જો નદીમાં પડેલા માણસને બહાર નિકળવા પ્રયત્ન કરવો ઉપયોગી હોય-જો કાંટો કાઢી નાંખવો ઉપયોગી હોય. તો આ જગતના મોહ પાસમાં પડેલા જીજ્ઞાસુએ પણ તેના ભૂતકાળને લગતી વાતો કરી નિરર્થક વખત નહિ કાઢતાં હવે ચિત્તમાંથી જગતની નિવૃત્તિ કેવી રીતે થાય તેવાજ પ્રશ્નો પૂછવા અગત્યના ગણાશે. માટે હે ભાઇ, તેવાં ભૂતકાળનાં પ્રશ્નો તને મોક્ષમાં ઉપકારક નથાં તેથી તેવાં પ્રશ્નો પૂછવાં નહિ.

જો તારૂ મન સંતોષ નજ પામતું હોય તો-કહુ છું કે આ જગત-અનાદિકાળનું છે-તેને કોઈએ રચ્યું નથી-જો આ જગત ઇશ્વરે રચ્યું છે એમ કહેવામાં આવે તો ઇશ્વર કર્ત્તા ઠરે. અને તેમને કર્ત્તા કહેવાથી તેમનામાં વૈશમ્ય-અને ક્રુરતા એવા બે દોશની પ્રાપ્તિ થાય, અને તેતો નિર્દોશ છે. જો દોશિત હોય તો જીવોની પેઠે પુણ્ય પાપરૂપ ક્રિયાઓનું ફળ-જે-સુખ દુઃખ જન્મ મરણ ઈત્યાદિ તે તેમને ભોગવવુજ પડે. અને તેમ હોવાથી જીવ

ઈશ્વરમાં શું ફેર રહે ? કાંઇ નહિ; માટે તે અકર્ત્તા છે. કર્ત્તા નથી. કર્ત્તા કહીએ તો દોશની પ્રાપ્તિ થાય. તે એક ઇશ્વરે જ્યારે પહેલ વહેલું જગત રચ્યું ત્યારે જીવોનાં પૂર્વ કર્મ નહોતાં. ને કોઇને ગરીબ. કોઈને ગૃહસ્થ. કોઈને રંક. કોઇને રાજા. કોઇને પુરૂષ કોઇને પશુ. ઇ૦ઇ૦ ઉંચી નીચી સ્થિતિવાળા જીવો કેમ કર્યા તેવા પ્રશ્નો ઉઠશે. અને તેથી તેમને વૈરાગ્ય એટલે સમ વિષમતા દોશની પ્રાપ્તિ થશે. વળી કારણ વિના કાર્ય થાય નહિ તેવી શંકા થશે. કદી કોઇ કહેશે કે જીવોનાં પૂર્વ કર્મ હતાં. તો તેથી એમ પણ સિદ્ધ થશે કે પૂર્વે જગત હતું. અને હતું ત્યારે નવું રચ્યું કહેવાય નહિ.

વળી સુખ કર્યું તો દુઃખરૂપ ભયંકરતા પણ કરી. જન્મ કર્યું તો મર્ણ કર્યું. સ્વર્ગ કર્યું ને નર્ક કર્યું-ઈત્યાદિ ભયંકરતા શામાટે કરી. તેથી તે ભયંકરતારૂપ બીજો કુરતા દોશ લાગશે. માટે ઇશ્વર કર્ત્તા નથી પણ અકર્તા છે. જેમ માટીરૂપ કારણવિના ઘડારૂપ કાર્ય થતું નથી. તેમ કારણ વિના જગતરૂપ કાર્ય ઉત્પન્ન થાય નહિ. તેથી તે અનાદિનું છે. ને ઇશ્વર અકર્ત્તા છે.

શિષ્ય—હે મહારાજ ઘણા ગ્રંથોમાં ઇશ્વરને કર્ત્તા અને અકર્ત્તા એવી બે રીતથી કહ્યા છે. તે શા હેતુથી કહ્યા હશે ?

ગુરૂ—હે ભાઈ. કારણુ બે પ્રકારનાં છે. ૧ ઉપાદાન કારણુ. ને ૨ નિમિત્ત કારણુ. જેમ ઘટનું ઉપાદાન કારણુ મૃતિકા (માટી) છે. ને નિમિત્ત કારણુ કુલાલ (કુંભાર) ચક્ર, દંડ, અગ્નિ વિગેરે છે–જેમ કોઈ અપરાધીને છ મહિનાની કેદની શિક્ષા થઇ. તેનુ ઉપાદાન કારણુ તેનુ કરેલુ કુકર્મ છે અને નિમિત્ત કારણુ માત્ર ન્યાયાધિશ છે. તેમ આ જગતનુ ઉપાદાન કારણુ જીવોનાં પૂર્વાપરનાં સારાં નરતાં કર્મ છે. અને નિમિત્તકારણુ ઈશ્વર છે. પૂર્વપરનાં જીવોનાં સારાં નરતાં કર્મો સંચય હોવાથી તેના ફળ રૂપ તેમને ભોગ મોક્ષ દેવા સારૂ અનાદિ કાળની રહેલી પોતાની માયા શક્તિ વડે ઇશ્વર આ જગતને રચે છે એટલે નિયમિત રીતે ગોઠવે છે. તેથી તે નિયંતા કહેવાય છે. જેમ પ્રજાના નિયંતા રાજા છે. તે પ્રજાના સારા નરતા કર્મ પ્રમાણે ફળ દેવા સારૂ કેદ મહેલ. વિગેરે સુજે છે. તેમ તેથી હે ભાઇ ઈશ્વરને કર્ત્તા કહ્યા છે—તે તેમના નિમિત્ત કારણુ પણાને ઉદ્દેશીને કહ્યા છે. અને અકર્ત્તા કહ્યા છે. તેનો હેતુ એ છે કે જગતનુ ઉપાદાન કારણુ જીવોનાં કર્મ છે. ઇશ્વર નથી. તેથી તેમને અકર્ત્તા કહ્યા છે મહાત્મા કહે છે. હે મુમુક્ષુ જો અતિ સૂક્ષ્મ દ્રષ્ટિથી જોઇએ તો વાસ્તવિક રીતે જેમ સ્વપ્નની લિલા નથી. તેમ જગત પણુ નથી. તે તો માત્ર

અજ્ઞાનથીજ ભાસે છે. જગત તે બંધરૂપ છે. અને તે જો સત્ય હોય તો સત્ય બંધની નિવૃતિ કદીપણ થાય નહિ. કેમકે ત્રણે કાળમાં જેનો બાધ થતો નથી તે વસ્તુને સત્ય કહેવાય છે. તેથી જો જગત રૂપ બંધ સત્ય હોય તો વેદાધ્યયન વિગેરે કરી જ્ઞાન મેળવવાનો પ્રયાસ મિથ્યા થઈ પડશે. માટે જગત તે સત્ય સ્વરૂપ નથી. કલ્પના માત્ર છે. કેમકે કલ્પનાનો એટલે અહંતાને મમતાનો ત્યાગ કરવાથી જગતની નિવૃતિ થાય છે માટે તેને કલ્પના માત્ર કહ્યું છે. તેનું વિષેશ વિવેચન કરવાનો અત્રે અવકાશ ન હોવાથી અને તે મંદમતિયોની બુદ્ધિમાં પ્રવેશ ન કરી શકે તેમ હોવાથી ઉપરની પ્રક્રિયા દરસાવી છે.

શિષ્ય–હે દયાળુ ગુરૂદેવ–અનાદિ કાળની કેટલી વસ્તુઓ છે તે કૃપા કરીને કહો.

ગુરૂ—હે શિષ્ય–વિશ્વવ્યવસ્થા સમજાવવા સારૂ અનાદિ ૭ વસ્તુઓ કહી છે. તે એ કે ૧. બ્રહ્મ (શુદ્ધ ચેતન) ૨ માયા. ૩ બ્રહ્મ અને માયાનો સંબંધ. ૪ જીવ. ૫ ઇશ્વર. ને ૬ એ પાંચેનો પરસ્પરમાં ભેદ. તેમ છ વસ્તુઓ અનાદિ કાળની કહી છે. તેમાં બ્રહ્મ તે અનાદિને અનંત છે. અને બાકી પાંચ અનાદિને સાંત એટલે અંતવાળી છે. આ સ્થળે બ્રહ્મ શિવાયની પાંચ વ-

સ્તુઓને અંતવાળી કહી છે. તેનો હેતુ એ છે કે આવિર્ભાવ ને જન્મ જાણવોને તિરોભાવને અંત જાણવો. ઇતિ દશમ પ્રભા.

પ્રભા ૧૧ મી.

શિષ્ય—હે મહારાજ આ જગતમાં કેટલી પ્રકારના પુરૂષો છે તે કહો ?

ગુરૂ—હે શિષ્ય. આ જગતમાં ૧ પામર. (પા—વેદત્રયીનું. મર–હનન કરનાર અથવા નાસ્તિક) ૨, વિષયી (સ્વર્ગાદિ લોકોના ભોગ સુખ માટે સકામ કર્મો કરનાર) ૩ જીજ્ઞાસુ. (જ્ઞાન અને તેથી ઉપજતા મોક્ષની અપેક્ષા રાખનાર) ને ૪ મુક્ત. (જ્ઞાન પામવાથી જેનાં પાપ પુણ્યરૂપ કર્મો બળી ભસ્મ થયાં છે તેવા જ્ઞાની) તેવા ચાર પ્રકારના પુરૂષો છે.

શિષ્ય—હે મહારાજ જ્ઞાન પામવાથી જ્ઞાનીનાં પાપ પુણ્ય રૂપ. ને મિશ્ર રૂપ કર્મો બળી ગયાં છે તે મુક્ત કહેવાય તેમ આપે કહ્યું તો તેથી મને એક શંકા ઉદ્ભવે છે કે જ્ઞાનીને જ્ઞાન પામ્યા પછી અજ્ઞાન અને અજ્ઞાનનાં કાર્યરૂપ વ્યવહાર કૃતિ રહેવી જોઇએ નહિ. અને આપતો વ્યવહાર કુશળ દેખાઓ છો. વળી જ્ઞાનીને જ્ઞાન પામવાથી જો પુણ્ય પાપ રૂપ કર્મો બળી જતાં

હોય તો તેમના પુણ્ય પાપના ફળરૂપ સુખ દુઃખને વાત જ્વરાદિ રોગો થાય નહિ. અને તમને તો તે સઘળું થાય છે. તો પછી તેનું સમાધાન શી રીતે કરશો ?

ગુરૂ—હે શિષ્ય ક્રિયમાણ સંચિત ને પ્રારબ્ધ. તેવાં ત્રણ પ્રકારનાં કર્મો હોય છે. તેમાં સર્વ જીવોને પ્રારબ્ધથી નિર્માણ થયેલા ભોગો અવશ્ય ભોગવવા પડે છે. જેમ બાણાવળી યોદ્ધો પોતાના ભાથામાં રહેલાં બાણોને બાળી નાખવા. ભાંગી નાખવા કે નાખી દેવા સમર્થ થઈ શકે છે. પણ છુટી ગયેલા બાણને પાછું પાડવા શક્તિમાન નથી. તેમ જ્ઞાનીયો પોતાના જ્ઞાનથી ક્રિયમાણ ને સંચિત કે જે કર્મનુ ફળ આપવા તત્પર થયાં નથી. તે બે કર્મને બાળી મૂકવા સમર્થ થાય છે. પણ છુટેલા બાણરૂપ નક્કી થઇ ગયેલા અને ફળ દેવા તત્પર થયેલા પ્રારબ્ધ કર્મને પાછું પાડવા સમર્થ થતા નથી. તેથી પૂર્વે નિર્માણ થયેલા પ્રારબ્ધ પ્રમાણે સ્થૂળ દેહે કરીને સુખ દુઃખરૂપી સર્વ ભોગો ભોગવવા પડે છે. દૃષ્ટાંતમાં શરભંગમુનિ મહાન તત્ત્વવેત્તા હતા તથાપિ પ્રારબ્ધ પ્રમાણે સ્થૂળ દેહે રગતપતનો રોગ તેમને ભોગવવો પડયો છે. તે શિવાય હરિચંદ્ર–રામચંદ્ર–ધર્મરાજા–નળરાજા વિ૦ મહા પુરૂષોને પણ ઘણાં ઘણાં દુઃખો ભોગવવાં પડયાં છે માટે જ્ઞાનીયો ક્રિયમાણ સંચિત કર્મોને જ્ઞાના-

ગ્નિથી બાળી નાખે છે. 'પણ પ્રારબ્ધ તો ભોગવ્યા શિવા-
ય નષ્ટ થતું નથી. તેવું ઉપરના દૃષ્ટાંતોથી સ્પષ્ટ જણાય
છે. વળી પ્રારબ્ધથી નિર્માણ થયેલા આયુષ્ય પ્રમાણે
જ્ઞાનીયો જ્યાં સુધિ સ્થૂળ દેહમાં સ્થીતિ કરે છે. ત્યાં
સુધિ ભોજનપાન વિગેરે વ્યવહાર કૃતિ તેઓને કરવીજ
પડે છે. આ વખતે તેઓ અજ્ઞાની કહેવાય નહિ પણ
જ્ઞાનીજ છે. કેમકે પ્રારબ્ધ પૂરતા ભોગો ભોગવ્યા પછી
પોતે પોતામાંજ સ્થિતિ કરીને રહે છે. માટે હે ભાઇ
જ્ઞાનીયોને શરીરે થતાં સુખ દુઃખ તથા વ્યવહાર કૃતિ
તે પ્રારબ્ધનુજ પરિમાણ છે. તે વ્યાપાર તેમના મનનો
હોતો નથી. જેમ કુંભારનું ચક્ર કુંભારનો વ્યાપાર બંધ
પડયા પછી પણ જ્યાં સુધિ દંડનો વેગ હોય છે ત્યાં
સુધિ ફરે છે તેમ જ્ઞાનીયો પ્રારબ્ધના વેગ પ્રમાણે પો-
તાના મનનો વ્યાપાર બધ છતાં વ્યવહારિક જીવ જેવા
દેખાય છે. પણ તે બળ પ્રારબ્ધનુંજ છે તે નિશ્ચય જાણુ-
શ્રૃતિમાં પણ કહે છે કે જ્ઞાનીયોને વિદેહ કૈવલ્ય પ્રાપ્ત
થતાં કેટલી વાર છે ? જ્યાં સુધિ પ્રારબ્ધથી મુક્ત થયા
નથી તેટલી વાર છે. માટે જ્યાં સુધિ પ્રારબ્ધ છે ત્યાં
સુધિ તે "જીવન્મુક્ત" કહેવાય અને પ્રારબ્ધ નષ્ટ થયા
પછી વિદેહ મુક્ત કહેવાય છે. વળી હે ભાઇ જો જ્ઞાનથી
પ્રારબ્ધ નષ્ટ થતું હોય તો જ્ઞાન પ્રાપ્ત થયે તુરતજ જ્ઞા-

નીચો સ્થૂળ દેહથી મુક્ત થઇ મોક્ષ પામે. અને તેમ થાય તો પછી બીજા જીજ્ઞાસુ જનોને કોઇ બોધ કરનારા રહે નહિ માટે જ્ઞાનથી પ્રારબ્ધ નષ્ટ થતું નથી.

શિષ્ય—હે મહારાજ જ્ઞાન પામ્યા પછી જ્ઞાનીયોને કર્મ કરવાની અપેક્ષા રહેતી હશે કે નહિ તે કહો ?

ગુરૂ—હે શિષ્ય ચિત્તમાં ૧ મળ (પાપસંસ્કાર) ૨ વિક્ષેપ (ચિત્તની ચંચળતા) ૩ ને આવરણ (આત્મસ્વરૂપનુ અજ્ઞાન) તેવા મુખ્ય ત્રણ દોશો છે. મળ કર્મવડે નાશ પામે છે. વિક્ષેપ ઉપાસનાવડે નાશ પામે છે ને આવરણ આત્મ સ્વરૂપના જ્ઞાનથી નાશ પામે છે.

૧ નિત્ય (સંધ્યાવંદનાદિ) ૨ નૈમિત્તિક (ગ્રહણ શ્રાદ્ધાદિ) ૩ કામ્ય (પુત્રેષ્ટિઆદિ) ને ૪ પ્રાયઃશ્ચિત્ (પાપની નિવૃત્તિ માટેનુ ઉપવાસાદિ કર્મ) તેવાં ચાર પ્રકારનાં વિહિત કર્મો છે ને ઉપાસનાઓ બે પ્રકારની છે જે કે ૧ સગુણ (મૂર્ત્તિ વગેરેની સ્વર્ગ વૈકુંઠાદિ સુખો ભોગવવાની અપેક્ષાથી કરવામાં આવતી ઉપાસના તે) ૨ ને નિર્ગુણ (આત્મજ્ઞાન પામવાથી બ્રહ્માકાર થઇ રહેવું તે) હે ભાઇ આત્મ તત્ત્વને યથાર્થ રીતે જાણવું તે જ્ઞાન એકજ છે. હે શિષ્ય જ્યાં સુધિ મળદોષ નાશ ન પામે ત્યાં સુધિ કર્મ કરવાની અપેક્ષા હોય છે. જ્યાં સુધિ વિક્ષેપ દોષ નાશ ન પામે ત્યાં સુધિ ઉપાસના કરવાની

અપેક્ષા હોય છે. પણ જ્ઞાનીયોને મળ વિક્ષેપ બન્ને દોશ નાશ પામેલા હોય છે. કેમકે તે નાશ પામ્યા વિના જ્ઞાન પ્રાપ્ત થઇને ત્રીજો આવરણ દોશ હઠતો નથી. માટે તે ત્રણે દોશની નિવૃત્તિ થવાથી કર્મ ઉપાસના કે જ્ઞાન તે ત્રણેમાંથી કોઈની જરૂર નથી આમ કહીએ તો ચાલી શકે પણ તેથી અધર્મ થાય છે. કેમકે પ્રારબ્ધવડે જ્યાં સુધિ સ્થૂળ દેહમાં વાસ કરી વ્યવહાર કૃતિ કરે છે. ત્યાં સુધિ જ્ઞાનીયોને પણ મનુ ભગવાને બાંધેલા ધર્મશાસ્ત્ર પ્રમાણે વર્ણાશ્રમના ધર્મો અવશ્ય પાળવાના છે. જો વ્યવહાર કર્મની અપેક્ષા હોય નહિ તો વર્ણાશ્રમના ધર્મ કર્મની પણ અપેક્ષા રહે નહિ પણ તેમ ન હોવાથી અવશ્ય ધર્મો પાળવાના છે સ્થૂળ દેહે કરી વર્ણાશ્રમમાં રહી જો નિત્ય નૈમિત્તિક ને પ્રાયઃશ્ચિત કર્મો થતાં નથી. તો તેથી પાપ થાય છે. માટે તે પાપની નિવૃત્તિ સારૂ તે ત્રણ કર્મો પાળવાની અગત્ય છે. તેમ ઘણાં શાસ્રો કહે છે. કામ્યકર્મ હિંસિકને બંધરૂપ ક્ષણિક ફળદાતા હોવાથી જ્ઞાનીયોને તે કર્મ પર રૂચી કરવી કહી નથી. પ્રથમ જીજ્ઞાસુ માટે સગુણ ઉપાસના મુખ્ય કર્તવ્ય છે. જ્ઞાનીઓને નિર્ગુણ ઉપાસના કરવી. તેમ ન કરે તો તે શુષ્ક જ્ઞાની કહેવાય માટે વૃત્તિને નિર્ગુણ ઉપાસનાવડે બ્રહ્માકાર રાખવી જેથી વિષયાકાર થાય નહિ. અને જ્ઞાનને બાધક

રાખવાની તો જરૂરજ છે. જો બાથદ ન રાખે તો તેથી મુખ્ય ફળ પ્રાપ્ત થાય નહી અને સતેજ દ્રષ્ટિ રહે નહિ માટે જ્ઞાનીઓને પણ ઉપર બતાવેલાં ત્રણ કર્મો નિર્ગુણ ઉપાસનાને જ્ઞાનગોષ્ટિ (સત્સંગ) કરવાની તિવ્ર અપેક્ષા છે. ઇતિ એકાદશ પ્રભા.

પ્રભા ૧૨ મી.

શિષ્ય—હે ગુરૂદેવ આચાર્ય અને શિષ્યનાં લક્ષણો કહો ?

આચાર્યનાં લક્ષણ.

ગુરૂ—હે શિષ્ય વેદાંતના યથાર્થ રહસ્યને સમજી શિષ્યને અદ્વૈત તત્વનો યથાર્થ ઉપદેશ કરે ને શિષ્યની બુદ્ધિમાં રહેલા ૧ જીવ ઇશ્વરનો ભેદ ૨ જીવ જીવનો ભેદ. ૩ જીવ જડનો ભેદ. ૪ જડ ઇશ્વરનો ભેદ. ને ૫ જડ જડનો ભેદ. તેવા પાંચ પ્રકારના ભેદની નિવૃત્તિ કરી અસ્તિ ભાતિ ને પ્રિયરૂપ આ સર્વ આત્માજ છે. એવો બોધ કરે જીવ ઇશ્વરની એકતા જણાવે. શિષ્યને ઉત્તરોત્તર મોક્ષ માર્ગમાં આગળ વધવાનો ઉપદેશ કરે આત્મજ્ઞાનમાં જેની અસ્ખલિત નિષ્ઠા હોય તથા જીજ્ઞાસુના હ્રદયમાં રહેલી અધ્યાત્મ શાસ્ત્રની શંકાઓને નિવૃત કરવાની શક્તિવાળા અને શિષ્યના હ્રદયમાં રહેલ. ૧ અવિદ્યા (અનિત્યમાં નિત્યની ભાવના અપવિત્રમાં પવિત્ર-

ની ભાવના જડમાં આત્માની ભાવના ને દુઃખમાં સુખની ભાવના તે) ૨ અસ્મિતા (બુદ્ધિ અને આત્માના અભેદનુ જ્ઞાન) ૩ રાગ (સુખ અને સુખનાં સાધનોમાં અતિ પ્રીતિ) ૪ દ્વેષ (દુઃખ અને દુઃખનાં સાધનો પર અતિ ક્રોધ) ને ૫ અભિનિવેશ (મરણનો ભય) એ પંચપર્વા અવિદ્યા એટલે પાંચ પ્રકારના ક્લેશો ને પરાજય પમાડે તેવા વળી ૧ જ્ઞાનરક્ષા (સંશય આદિથી આત્મજ્ઞાનનુ રક્ષણ થાય તે) ૨ તપ (ચિત્ત બ્રહ્માકારે થાય તે) ૩ વિસંવાદા ભાવ (કોઇની સાથે વાદવિવાદ ન થાય તે) ૪ પ્રત્યક્ષ્ય દુઃખની નિવૃત્તિ (વ્યવહારિક દુઃખોની અસર ન થાય તે) ને ૫ જીવન્મુક્તિના વિલક્ષણ આનંદની પ્રાપ્તિ (વૃત્તિ બ્રહ્માકાર થવાથી જે નિરૂપાધિક આનંદની પ્રાપ્તિ થાય તે) તેવાં જીવન્મુક્તિનાં પાંચ પ્રયોજન યુક્ત હોય તેવા જ્ઞાની ગુરૂ આચાર્ય કહેવાય છે.

શિષ્યનાં લક્ષણ—

૧ વિવેક (આ જગતમાં નિત્ય શું ને અનિત્ય શું તેનો વિચાર) ૨ વૈરાગ્ય. (આ લોકથી માંડીને બ્રહ્મલોક સુધિના સુખની અનિચ્છા) શમ (મનનો નિગ્રહ) દમ (ઇન્દ્રિયોનો નિગ્રહ) શ્રદ્ધા (ગુરૂના અને શાસ્ત્રના વચનોમાં પૂર્ણ વિશ્વાસ) સમાધાન (શુભ વિષયમાં લગાડેલુ મન નિશ્ચળ રહેતે) ઉપરામ (ત્યજી દીધેલા વિ-

પયોને ફરી ભોગવવાની અપેક્ષા ન થાય તે) ને તિતિક્ષા (ભુખ તર્ષ તાઢ તડકો સુખ દુઃખ વિગેરે સહન કરવાની શક્તિ તે) તે. ૩ શમ દમાદિ છ સંપત્તિ ને. ૪ મુમુક્ષુતા (મોક્ષ મેળવવાની તિવ્ર ઇચ્છા) તેવાં ચાર સાધન સંપન્ન હોય. તન મન અને ધનથી પ્રસન્ન ચિત્તથી ગુરૂની સેવા કરવામાં તત્પર ને ગુરૂને પોતાના હિત ચિંતક જાણી ઇશ્વર કરતાં પણ તેમાં અધિક ભક્તિ આરોપી તેમની આજ્ઞાનુ વારંવાર પ્રેમ પૂર્વક પાલન કરે તે શિષ્ય કહેવાય છે.

શિષ્ય—હે મહારાજ ગુરૂ શિષ્યનાં સમ કર્તવ્ય કહો ?

ગુરૂ—હે શિષ્ય ઉપર કહ્યા પ્રમાણે ગુરૂએ શિષ્ય પ્રત્યે ને શિષ્યે ગુરૂ પ્રત્યે વર્તવું તે અને શાસ્ત્રે કહેલાં વિહિત કર્મો તથા પાંચ પ્રકારના યમ ને પાંચ પ્રકારના નિયમ પાળવા તે તેમનું સમ કર્તવ્ય છે.

શિષ્ય—હે ગુરૂ પાંચ પ્રકારના યમ તથા પાંચ પ્રકારના નિયમ કહો ?

ગુરૂ—હે શિષ્ય. હિંસા વિગેરે નિષિદ્ધ કર્મોથી રોકનાર તે યમ કહેવાય છે. તે પાંચ પ્રકારના છે.

૧ અહિંસા—મન વાણી ને શરિરથી કોઇને પીડા ન કરવી તે.

૨ સત્ય— કોઇનુ અહિત ન થાય એવું યથાર્થ ને પ્રિય બોલવું તે.

૩ અસ્તેય— ચોરી નહિ કરવી એટલે માગ્યા વિના પરાઈ વસ્તુ ન લેવી તે.

૪ બ્રહ્મચર્ય—મન વાણી ને શરિરથી પરસ્ત્રીના સંગનો ત્યાગ સેવવો. ને દિવસે ઋતુથી ભીન્નકાળે પર્વ વ્રત ને દિક્ષાને દિવસે સ્વસીનો પણ ત્યાગ સેવવો તે.

૫ અપરિગૃહ-મમતા પૂર્વક ભોગ સામગ્રી એકત્ર ન કરવી તે.

આ અહિંસાદી પાંચ યમોને જાતિ દેશ કાળ ને પ્રયોજનથી ખંડિત નહિ થવા દેતાં સાવધાનતા પૂર્વક ને પૂર્ણ પણે પાળવા તે મહાવ્રત કહેવાય છે. ને તેના એક દેશનું સાવધાનતા પૂર્વક પરિપાલન કરવું તે એક દેશી વ્રત વા અણું વ્રત કહેવાય છે.

કામ્ય કર્મમાંથી નિવૃત્તિ કરી નિષ્કામ કર્મમાં પ્રવૃત્તિ કરાવનાર તે નિયમ કહેવાય છે.

૧ શૌચ— એટલે પવિત્રતા. તેના બે પ્રકાર છે-૧ બાહ્ય શૌચ. ને ૨ આંતર શૌચ. જળ અને માટી વડે સ્થૂળ શરિરને પવિત્ર રાખવું તે બાહ્ય શૌચ ને મનને રાગ દ્વેશ રહિત રાખવું તે અંતર શૌચ કહેવાય છે.

૨ સંતોષ—યથાવિહિત ઉદ્યોગ કરતાં જે પ્રાપ્ત થાય તેમાં તૃપ્તિ રાખવી તે.

૩ તપ— મન વાણી તથા શરીરને નઠારા કામ ભણી ન જવા દેતાં એક પરમાત્મા ભણીજ રાખ-

વાં કિંવા શ્રદ્ધા પૂર્વક પોતાના વર્ણાશ્રમના ધર્મો પાળવા તે.

૪ સ્વાધ્યાય-પોતાના ગુરૂએ ઉપદેશ કરેલા મંત્રનો અર્થ સહિત જાપ કરવો તથા અદ્વૈત તત્વનું પ્રતિપાદન કરનારાં મોક્ષનાં શાસ્ત્રો સાંભળવાં કે વાંચવાં તે.

૫ ઇશ્વરપ્રણિધાન-મન વાણી તથા શરિરથી જે જે શુભ ક્રિયા થાય તે ઇશ્વરને અર્પણ કરવી તથા તેમાં નિરાભિમાની રહેવું તે,

હે શિષ્ય—એ પ્રમાણે આ સિદ્ધાંત સૂર્યોદય (મોક્ષ શાસ્ત્ર) માં રહેલા જ્ઞાનનો ૧ શ્રવણ ૨ મનન ને ૩ નિદિધ્યાસન વડે પરિપાક પામીશ તો તુને તુરતજ જીવન્મુક્તિનું પદ પ્રાપ્ત થશે તેમાં કાંઇ સંશય નથી.

अखडानंदकी जय ઇતિ દ્વાદશ પ્રભાયામ્.

इति श्री महाराज श्रीमन् नटवरलालजी तत्त्ववेता विरचित श्री सिद्धांत्त सूर्योदय ग्रंथ सम्पूर्णः ॥

इति श्री शिवार्पणमस्तुः

सम्पूर्ण.

અગત્યની સુચના.

મુમુક્ષુઓ ! જો આપને મોક્ષ મેળવવાની તિવ્ર ઇચ્છા ઉપજી હોય. જો આપને જીવન્મુક્ત પદ પ્રાપ્તિની પૂર્ણ અપેક્ષા હોય. જો આપને જગતના મિથ્યા પ્રપંચની જાળમાં નહિ ઝલાતાં સત્ય માર્ગની શોધ અગત્યની જણાતી હોય. તો સરળ અને સાદી શૈલીથી લખાયેલાં તે સાથે સર્વે જીજ્ઞાસુઓને એક સરખો લાભ થાય અને સનાતન ધર્મનો સારી રીતે પ્રચાર થાય એવા હેતુથી ઘણીજ જુજ કિમ્મતથી વેચાતાં નિચે દર્શાવેલાં મહારાજ શ્રી નટવરલાલજી તત્વવેત્તાએ જીજ્ઞાસુઓપર કૃપા કરી રચેલાં પુસ્તકો તાકીદથી ખરીદો.

પુસ્તકોનાં નામ.	કિમ્મત.
૧ શ્રી સિદ્ધાંત સૂર્યોદય.	૦–૩–૬
૨ ધર્મ ચર્ચા.	૦–૧–૬
૩ પદમાળા.	૦–૩–૬
૪ ૐકાર પત્ર.	૦–૧–૩
૫ ૐકાર સ્પષ્ટિકરણ....	૦–૨–૦
૬ કળિયુગની કથા.	૦–૮–૬

(૦)

તૈયાર થાય છે.　　તૈયાર થાય છે.　　તૈયાર થાય

શ્રી સનાતન ધર્મ પ્રકાશક.

સૂક્ષ્મ વેદ સંહિતા.

ઋગ્વેદ, યજુર્વેદ, શામવેદ ને અથર્વવેદ એ ચાર વેદ. આ વેદ, ધનુર્વેદ, ગંધર્વવેદ ને અર્થવેદ એ ચાર ઉપવેદ. શિક્ષા, કલ્પ નિરુક્ત, જ્યોતિષ, છંદ ને વ્યાકરણ વિગેરે વેદનાં છ અંગ ન્યાય પુરાણ, ધર્મશાસ્ત્ર ને મિમાંસા એ ચાર મળી કુલ વિદ્યાનાં અ પ્રસ્થાનના એકજ ગૃહરૂપ શ્રી સૂક્ષ્મ વેદ સંહિતા સદ્‌ગુરૂ મહારાજ શ્રી નટવરલાલજીની કસાયેલી કલમથી લખાઇ ટુંક મુદતમાં બહાર પડશે. આ સૂક્ષ્મ વેદ સંહિતા આસ્તિક આર્યજનોના હૃદયને અતિ વિશ્રાન્તિ રૂપ છે. જ્ઞાન સાથે ગમ્મત આપનાર દૃષ્ટાંત સિદ્ધાન્તોથી ભરપુર શ્લોકોનો ભંડાર ને સનાતન ધર્મનો સૂર્ય જુઓતો સૂક્ષ્મ વેદ સંહિતાજ જુઓ સૂર્યને આલેખવા શા, સો ટચના સોનાને કસવું શું. તેમ શ્રી સૂક્ષ્મ વેદ સંહિતાના ગુણ કથનનું ગાન અત્રે જેટલુ કરીશું તેટલુ ઓછું છે. ગ્રંથ લગભગ ૮૦ ફરમાનો થશે. અને કિમ્મત પણ તેના ખર્ચ પ્રમાણેજ રૂપિયા બે કે અઢી રાખવામાં આવશે. આગળથી ગ્રાહક થાઓ નહિતો પાછળથી નવી આવૃતિ વિના પ્રતો મળી શકે એવો સંભવ નથી. એજ વિનંતિ.

લી૦

મંત્રી શ્રી સત્યસાધક અધિકારિ મંડળ.